₹ ૧૫/-

## મૃત્યુ પછીનું જીવન



# પ્રભુ અર્પણ

ડિસેમ્બર - ૨૦૧૭

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

## Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

### મૃત્યુ એ અંત નથી જ

જો જન્મ શરૂઆત (આવિર્ભાવની ક્રિયા) છે તો મૃત્યુ પણ શરૂઆત જ છે. કોઈપણ રીતે મૃત્યુ એ અંત તો નથી જ. મૃત્યુમાં શરીરનો ત્યાગ કરવામાં આવે છે પરંતુ આત્માની યાત્રા ચાલુ જ રહે છે. त्यकत्वा कलेवरम ।

શ્રી અરવિન્દ

(Cent. ed. Vol. 13, P.280)

મૃત્યુ પાસેથી કોઈ અપેક્ષા ન રાખો. જીવન જ તમારી મુક્તિ છે. જીવનમાં જ તમારે તમારું રૂપાંતર સાધવાનું છે. પૃથ્વી ઉપર જ તમે પ્રગતિ કરી શકો છો. પૃથ્વી ઉપર જ તમે સાક્ષાત્કાર કરી શકો છો. શરીરમાં જ તમે વિજય પ્રાપ્ત કરી શકો છો. જ્યાં સુધી આપણે શરીરમાં છીએ આપણે ક્રિયા કરવી પડશે. કામ કરવું પડશે, કંઈક ને કંઈક કરવું જ પડશે : અને જો આપણે એ બધું માત્ર કાર્યને ખાતર જ; કારણ કે એ કરવાનું જ છે, એ ભાવથી કરીશું, પરિણામની આશા રાખ્યા વગર, તો ક્રમે ક્રમે આપણે અનાસક્ત થતા જઈશું અને એ રીતે આરામદાયક મૃત્યુ માટે આપણી જાતને તૈયાર કરતા જઈશું.

શ્રી માતાજી

(CWM 15 : 129)

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

ડિસેમ્બર – ૨૦૧૭ વર્ષ : ૦૩ અંક : ૧૨

# અનુક્રમ

## મૃત્યુ પછીનું જીવન


મૃત્યુની ક્ષણ ૦૭

જીવનમાંથી જીવન પછીની અવસ્થામાંનું સંક્રમણ ૧૬

મૃત્યુ બાદ શું થતું હોય છે ? ૨૧

મૃત્યુ પછી શું ટકી રહેતું હોય છે ? ૨૯

મૃત્યુનાં અનેક સ્વરૂપો ૩૪

**ઉપસંહાર**

અમરત્વ ૩૮


*

**તંત્રી નોંધ :** માણસે અસ્તિત્વના ગભીરતમ રહસ્યો વિશે ચિંતન કરવાનો આરંભ કર્યો ત્યારથી જ મૃત્યુ પછીના જીવને માનવ સ્વરૂપોને મોહિત કર્યાં છે. અને છતાં આ પ્રશ્નનો જવાબ કોણ આપી શકે ? કોઈ મૃત્યુ પામ્યા બાદ મૃત્યુના પ્રદેશમાંથી એ જ શરીરમાં પાછી ફરી હોય એવી વ્યક્તિ કે પછી એવી વ્યક્તિ, જેણે વિરલ યોગી કે રહસ્યવિદ્ માફક જીવતોજીવત મૃત્યુનો અનુભવ કર્યો હોય ! આ વિષય તેમ જ બીજા અનેક વિષયો ઉપર શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનું દર્શન અને એમની પ્રજ્ઞાની અમૂલ્ય ભેટો પ્રાપ્ત કરવા માટે આપણે મહાભાગ્યશાળી છીએ કે આપણને આ વિશેષાધિકાર પ્રાપ્ત થયો છે. શ્રી અરવિન્દ અને શ્રી માતાજી માટે આ રહસ્યો અનુમાન કે તત્ત્વદર્શનની ચર્ચા-વિચારણાના કે ધાર્મિક માન્યતાનો વિષય રહ્યાં નથી. અતિમાનસ ચેતનાની ઈશ્વરી બક્ષિસ પ્રાપ્ત કરીને તેઓએ સૃષ્ટિની અનેકવિધ ઘટનાઓ પાછળનાં સત્યો તથા એવું સત્ય જે આ સૃષ્ટિની પૃષ્ઠ ભૂમાં છુપાયેલું રહ્યું છે તેને જોયું હતું. મૃત્યુની ગાઢ નિદ્રાથી પર જે રહસ્ય અસ્તિત્વ ધરાવે છે તે રહસ્યની સમજ પ્રાપ્ત કરવાના પ્રયત્નને અમે આ અંક અર્પણ કરીએ છીએ.



મૃત્યુએ આ જગતનું સર્જન એટલા માટે કર્યું હતું કે એમ કરીને જ એ પોતે જીવન ધારણ કરી રહે. તું શું મૃત્યુનો ધ્વંશ કરીશ? તો તો પછી જીવનમાત્રનો વિનાશ થઈ જશે. મૃત્યુનો ધ્વંશ કરવાનું તો તારાથી નહિ બની શકે, પરંતુ તું એનું એક ઉચ્ચતર જીવનમાં રૂપાંતર કરી શકીશ ખરો. (૮૮)

આ વિશ્વનું સર્જન ક્રૂરતા પોતે પ્રેમ કરી શકે તે માટે કરેલું. તું શું ક્રૂરતાનો વિનાશ કરીશ? તો તો પ્રેમ પણ નાશ પામશે. તું ક્રૂરતાનો વિદ્ધંશ તો નહિ કરી શકે, પરંતુ એનું રૂપાંતર તેના ઊલટા સ્વરૂપમાં, એક ઉત્કટ પ્રેમ અને આનંદ સભરતામાં કરી શકીશ. (૮૯)

(વિચાર રત્નો અને સૂત્રો)

# મૃત્યુનું આંતરિક કારણ અને એની સાચી અર્થસૂચકતા

પૃથ્વી ઉપર જડતત્ત્વની જે પરિસ્થિતિ હતી તેને લઈને જ મૃત્યુ અનિવાર્ય બન્યું. જડતત્ત્વની ઉત્ક્રાંતિની દિશા અચેતનાની પ્રાથમિક દશામાંથી ક્રમે ક્રમે વધતી જતી ચેતના પ્રત્યે રહી છે. વસ્તુસ્થિતિ વિકાસ પામતી ગઈ તે મુજબ વિકાસની આ પ્રક્રિયામાં આકારો (રૂપો) નો વિલય એક અનિવાર્ય આવશ્યકતા બની રહ્યો. કારણ કે વ્યક્તિરૂપ બનેલી ચેતનાને સ્થિર આધાર મળે એટલા માટે કોઈ સ્થિર રૂપની (આકારની) આવશ્યકતા તો હતી જ. અને છતાં રૂપના એ નિશ્ચિત ઘાટને લીધે જ મૃત્યુ અનિવાર્ય બન્યું. જડતત્ત્વે રૂપો તો ધારણ કરવાનાં હતાં જ. તે વિના પ્રાણશક્તિઓ અને ચિત્-શક્તિઓનું વ્યક્તિરૂપે મૂર્ત બનવું, મૂર્ત દેહ ધારણ કરવો એ અશક્ય હતું. આ મૂર્ત આકાર વિના સ્થૂલ ભૂમિકા ઉપર વ્યવસ્થિત જીવનની પ્રથમ અવસ્થા જ ઊભી થઈ ન શકત. પરંતુ નિશ્ચિત અને સઘન બનેલો આકાર જોતજોતામાં કઠણ, પ્રાણહીન, જડ થઈ જવાનું વલણ લે છે. એકવાર ઘડાઈ ચૂકેલો આકાર વખત જતાં એક ઘણો બંધનકારક ઘાટ બની જાય છે. અન્ય બળોની ગતિને તે અનુસરી શકતો નથી, વિશ્વની શક્તિઓ વિકાસ પામતી જે પલટા લે છે તેની સાથે મેળ જાળવીને તે પોતે પલટાઈ શકતો નથી. કુદરત એવા આકાર પાસે જે કાર્યશક્તિ માગે છે, પોતાની સાથે સાથે ગતિ કરવાની જે આશા રાખે છે તે હરહંમેશ તે પૂરી પાડી શકતો નથી. તેનામાં વિકાસની શકિત રહેતી નથી. આ પ્રમાણે થતાં એક એવી પરિસ્થિતિ આવે છે કે જ્યારે આકાર અને તેના ઉપર દબાણ કરી રહેલ શક્તિ એ બંને વચ્ચેની અસમાનતા અને વિસંવાદ એટલાં તો વધી જાય છે કે આકારનો વિલય અનિવાર્ય બને છે, કોઈ નવીન આકારની રચના, કોઈ નવીન સંવાદ અને સમતુલાની શક્યતા આવશ્યક અને અનિવાર્ય બની રહે છે. મૃત્યુનો વાસ્તવિક અર્થ અને પ્રકૃતિમાં તેનો ઉપયોગ તે આ છે. પરંતુ જો આકાર વધારે ગ્રહણશીલ, વધારે સ્થિ તિસ્થાપક અને સંસ્કારગ્રાહી બની શકે, તથા ચેતનામાં થતા પરિવર્તનની સાથે સાથે પરિવર્તન પામવાની શક્તિ સ્થૂળ દેહના અણુઓ પર્યંત જાગ્રત કરી શકાય તો પછી એવા સમૂળગા લયની આવશ્યકતા નહિ રહે અને મૃત્યુ અનિવાર્ય પણ નહિ બને.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૪૦-૪૧)

# મૃત્યુની ક્ષણ

## મૃત્યુ પરત્વેનું યોગ્ય વલણ

સંજોગો ગમે તેવા હોય, પણ જો તમારું મન એને કોઈ અનુકૂળ વસ્તુ તરીકે જ જોવા ટેવાયેલું હશે તો પછી એ વસ્તુ તમારે માટે પ્રતિકૂળ નહિ રહે. આ વસ્તુ તો જાણીતી છે; જ્યાં લગી આપણું મન કોઈ વસ્તુનો સ્વીકાર કરવાનો ઇન્કાર કરતું હોય છે, તેની સામે ઝઝૂમતું હોય છે, એની સામે અવરોધ ખડા કરતું હોય છે, ત્યાં સુધી તેને સંતાપ, મુશ્કેલીઓ, આંધીઓ, આંતરદ્વંદ્વો અને સર્વ પ્રકારની યાતનાઓ ઊભી થતી રહે છે. પરંતુ જે ક્ષણે મન એમ કહે છે કે ''સારુ, આ વસ્તુ આવવાની હતી અને એ આ રીતે જ બનવી જોઈએ'' તો પછી, ગમે તે વસ્તુ બને પણ તમે સંતુષ્ટ જ રહેશો. એવા લોકો પણ હોય છે જેઓએ તેમના શરીર ઉપર એટલા બધા અંશે તેમના મનનો અંકુશ સ્થાપિત કરેલો હોય છે કે એમને કશી લાગણી થતી નથી. મેં તે દિવસે તમને કેટલાક રહસ્યવેત્તાઓ વિશે વાત કરેલી : એ લોકોને જો એમ લાગે કે એમના ઉપર જે વેદના નાખવામાં આવેલી છે તેના વડે તેઓ અમુક તબક્કાઓને ક્ષણમાત્રમાં ઓળંગી જઈ શકશે અને પ્રભુ સાથે અદ્વૈતના સાક્ષાત્કારની સિદ્ધિરૂપી જે ધ્યેય તેમણે પોતાની સમક્ષ રાખેલું હોય છે તેને પ્રાપ્ત કરવા માટે એ વેદના એક પગથિયા રૂપ બની રહેશે, તો એમને કોઈ પ્રકારની વેદનાની લાગણીનો અનુભવ થતો નથી. જાણે તેમના મનમાં જે વસ્તુની તેમણે ધારણા કરી હોય છે તેના વડે તેમનું શરીર પણ રસી લેવામાં આવ્યું હોય છે. આવું ઘણીવાર બનેલું છે, જે લોકોમાં યોગ્ય પ્રકારનો ઉત્સાહ હોય છે તેમને આ પ્રકારની ઘટનાઓના અનુભવ થવા એ એક ઘણી સામાન્ય વસ્તુ છે. અને છેવટે, જો એક યા બીજા કારણે વ્યક્તિને પોતાના દેહનો ત્યાગ કરીને નવો દેહ ગ્રહણ કરવાનો પ્રસંગ આવે તો એ વસ્તુને એક ઘૃણાસ્પદ પરાજય બનાવી મૂકવા કરતાં એને કોઈ અદ્‌ભુત, આનંદપૂર્ણ, ઉત્સાહસભર વસ્તુ બનાવવી એ શું સારું ન કહેવાય ? જેઓ પોતાના દેહને ચીટકી રહે છે, જેઓ પોતાના અંતને એક કે બે મિનિટ પૂરતો પણ મોડો લાવવા પ્રયત્ન કરે છે, જેઓ તમને એક ભયંકર અંતસ્તાપનો નમૂનો પૂરો પાડે છે, તેઓ બતાવી આપે છે કે તેઓ પોતાના આત્મા વિશે સભાન નથી. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૨૬)

## મૃત્યુ એ સાધન માત્ર છે

... આખરે તો દેહ પણ કદાચ એક સાધન જ છે, નહિ ? આ પ્રકારના અકસ્માતને, દરેક વસ્તુની જેમ વ્યક્તિ એક સાધનરૂપ બનાવી શકે; જો તે સભાન હોય તો એમાંથી એક સુંદર, અતિ સુંદર વસ્તુ પણ બનાવી શકે. અને એ વસ્તુ નોંધપાત્ર છે કે જેઓ મૃત્યુ વિશે કદી પણ વિચાર કરતા નથી. જેઓને તેમની સામે આવી રહેલ આ ''ત્રાસદાયક વસ્તુ'' નું વળગણ લાગેલું હોતું નથી અને જેમાંથી ભાગી છૂટવા અથવા જેને તેમનાથી બને તેટલી દૂર ધકેલવા પ્રયત્ન કરતા નથી, તેવા લોકો જ એનાથી ભય પામતા નથી; ચિંતાતુર થઈ જતા નથી. અને પ્રસંગ આવ્યે કોઈપણ

પ્રકારની લોલુપતા રાખ્યા સિવાય તેઓ મૃત્યુને ભેટી શકે છે. આવા લોકો જ્યારે ઘડી આવી પહોંચે છે ત્યારે માથું ઊંચું રાખી શકે છે. સ્મિત કરે છે અને કહે છે : ''આ રહ્યો હું''.

જે લોકોમાં પોતાના જીવનનો શક્ય તેટલો ઉત્તમ ઉપયોગ કરવાનો સંકલ્પ હોય છે કે, 'હું અહીં રહેવું જ્યાં લગી જરૂરી હશે ત્યાં લગી, છેક છેલ્લી સેકંડ સુધી રહીશ, અને મારું ધ્યેય સિદ્ધ કરવા માટે એક ક્ષણ પણ ગુમાવીશ નહિ'', આવા લોકો જ્યારે જરૂરિયાત ઊભી થાય છે ત્યારે સારામાં સારો દેખાવ કરે છે. કેમ ? — કારણ ખૂબ સાદું છે, કારણ એ છે કે તેઓ તેમના આદર્શમાં જ જીવન ધારણ કરતા હોય છે; કારણ કે એમના માટે એ વસ્તુ જ સાચી હોય છે. અને દરેક વસ્તુમાં એ લોકો આ આદર્શનું દર્શન કરતા હોય છે, એમના જીવનધારણના કારણનું દર્શન પામતા રહે છે અને એવા લોકો કદી પણ ભૌતિક જીવનની લોલુપતામાં સરી પડતા નથી.

એટલે, આનો સાર એ કે :

**આપણે કદી પણ મૃત્યુની ઇચ્છા કરવી નહિ.**

**આપણે કદી પણ મૃત્યુ પામવાનો સંકલ્પ કરવો નહિ.**

**આપણે મૃત્યુ પામવાનું આવે તેનાથી ડરવું નહિ.**

અને સર્વ પ્રકારના સંજોગોમાં વ્યક્તિએ પોતાની જાતનો વિકાસ કર્યે જવાનો સંકલ્પ જાળવી રાખવો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૨૬-૨૭)

**મૃત્યુનો ડર**

અને અંતે તો જ્યારે કોઈનું મોત આવવાનું હોય છે ત્યારે જ તે મરે છે. બસ, એટલું જ. એટલે જ્યારે કોઈને મોત આવે છે ત્યારે તે મરી જાય છે અને જ્યારે તેનું મોત નથી આવ્યું હોતું ત્યારે તે મરતો નથી. અને આમાં તો પછી એવું છે કે, ભલે તમારા ઉપર જીવલેણ ભય આવી પડ્યો હોય છતાં જો તમારી મરવાની ઘડી નહિ આવી હોય તો તમે નહિ મરો. અને એમ પણ બની શકે કે જ્યારે તમારે માટે કોઈ જાતનો ભય નહિ હોય, છતાં તમારા પગ ઉપર એક નાનો સરખો ઉઝરડો પડશે તો તે તમારા મોતનું કારણ બની શકશે. કારણ કે, એવા લોકોના દાખલા પણ જાણીતા છે કે તેમના પગ ઉપર માત્ર એક ટાંકણીનો ઉઝરડો થયેલો અને એ તેમના મોતનું કારણરૂપ બનેલો — કારણ કે, એમની મરવાની ઘડી આવી લાગી હતી. એટલે પછી બીક રાખવાનો કોઈ અર્થ નથી. આમાં ફક્ત તમે એટલું કરી શકો કે ચેતનાની એક એવી અવસ્થા ઉપર આરોહણ થાય કે જ્યાંથી તમે એમ કહી શકો કે, 'વસ્તુસ્થિતિ આવી જ છે, આપણે એ હકીકતનો સ્વીકાર કરીએ છીએ. કારણ કે આ વસ્તુ સર્વસામાન્ય રીતે એક અનિવાર્ય ઘટના તરીકે સ્વીકારી લેવામાં આવી હોય એમ લાગે છે. પરંતુ એથી મારે કોઈ ચિંતા કરવાની જરૂર નથી, કારણ કે જ્યારે મોત આવવાનું હશે ત્યારે એ આવવાનું જ છે. અને જ્યારે મારું મોત અનિવાર્ય જ છે ત્યારે પછી એનો હું ભય ન રાખું એ જ સૌથી સારી વસ્તુ છે; ઊલટું જે વસ્તુ તદ્દન કુદરતી છે એનો મારે સ્વીકાર જ કરવો જોઈએ', આ એક સૌ લોકોનો જાણીતો ઇલાજ છે, એટલે કે, આનો ઘણા લોકો ઉપયોગ કરે છે.

એક બીજો ઇલાજ પણ છે. એ જરા મુશ્કેલીભર્યો તો છે, પણ મને લાગે છે કે તે વધુ સારો છે. એમાં તમારે તમારી જાતને આમ કહેવાનું રહે છે, 'હું પોતે આ દેહ માત્ર નથી,' અને પછી તમારે તમારા સ્વરૂપમાંથી તમારી સાચી જાતની શોધ કરવાનો પ્રયત્ન કરવાનો રહે છે અને તમે તમારા ચૈત્ય-સ્વરૂપને શોધી કાઢો ત્યાં સુધી પ્રયત્ન કર્યે જવાનો છે. અને જ્યારે તમને તમારું ચૈત્ય-સ્વરૂપ મળી આવે છે ત્યારે તરત જ, સમજ્યા ને, તમે પોતે અમર છો એવી લાગણી અનુભવી રહો છો. ત્યારે પછી તમને ખબર પડે છે કે જે વસ્તુ દેહની બહાર જાય છે અથવા તો દેહમાં આવે છે તે એક સગવડ પૂરતી વ્યવસ્થા માત્ર છે; 'જ્યારે મારા જોડામાં બહુ કાણાં પડી જાય ત્યારે હું કાંઈ રડવાનો નથી ! જ્યારે મારા જોડા ઘસાઈ જાય છે ત્યારે હું તેમને બાજુએ મૂકી દઉં છું, કંઈ રડવા બેસતો નથી.' તો, આ ચૈત્ય-સ્વરૂપે પણ આ દેહને ધારણ કરેલો છે, કારણ કે તેને પોતાના કાર્ય માટે એનો ઉપયોગ કરવાની જરૂર પડી હતી. પરંતુ જ્યારે એને આ દેહ છોડવાનો આવી લાગે છે, એટલે કે જ્યારે એક યા બીજા કારણસર એનો કોઈ ઉપયોગ ન રહેવાથી એને છોડી દેવાનો હોય છે ત્યારે પછી એ પોતાનો દેહ છોડી દે છે અને એમાં કોઈ રીતે ભય રાખવાનો રહેતો નથી. એ વસ્તુ એક તદ્દન સ્વાભાવિક વલણ બની રહે છે — અને એ બધી વસ્તુઓ કરવામાં જરા પણ નારાજી ઉત્પન્ન થતી નથી, બસ એટલું જ.

અને જે ક્ષણે તમે તમારા ચૈત્ય-સ્વરૂપમાં હો છો ત્યારે તદ્દન આપોઆપ કશો પણ પ્રયત્ન કર્યા વિના તમારામાં આ પ્રકારની લાગણી બની રહે છે. તમે શારીરિક જીવનથી ઉપર ચાલ્યા જાઓ છો અને અમરત્વનો અનુભવ કરો છો. જ્યાં સુધી મને લાગેવળગે છે ત્યાં સુધી તો આ ઇલાજ મને સૌથી સારો લાગે છે.

*

હવે એક ત્રીજી વસ્તુ પણ છે અને એ પણ તમારે જાણવી જોઈએ. પરંતુ એમ થઈ શકે તે માટે તમારે એક બળવાન યોગી થવાનું રહેશે. કારણ કે એનો અર્થ તો એ થાય કે, તમારે એ વસ્તુ જાણવાની રહે છે કે મરણ એ કોઈ અનિવાર્ય વસ્તુ નથી, એ એક એવો અકસ્માત છે જે આજ સુધી બનતો આવ્યો છે (જે ગમે તે સંજોગોમાં, આજ સુધી તો હંમેશાં બન્યો હોય એવું લાગે છે), અને આપણે આપણા મગજમાં અને સંકલ્પબળમાં એ વસ્તુ મૂકવાની હોય છે કે, આપણે આ અકસ્માત ઉપર વિજય મેળવવાનો છે અને તેને વશ કરવાનો છે. પરંતુ એમાં તો પ્રકૃતિના સર્વ નિયમો, સર્વ પ્રકારનાં સામૂહિક સૂચનો અને સર્વે પ્રકારની પાર્થિવ ટેવો સામે એક એવું ભયંકર ખૂનખાર યુદ્ધ ખેલવાનું રહે છે કે જેમાં, (જેમ મેં કહ્યું છે) તમે જો કશાથી ભય ન પામો તેવા, પ્રથમ કક્ષાના યોદ્ધા ન હો, તો પછી એ યુદ્ધ શરૂ ન કરો તે જ વધુ સારું રહે છે. આમાં તો તમારે એક તદ્દન અવિચલિત વીર બની રહેવાનું રહે છે, કારણ કે દરેક ડગલે, દરેક ક્ષણે, આજ સુધી જે વસ્તુઓ ધામા નાખીને પડેલી છે તેમની સામે યુદ્ધ કરવાનું હોય છે. એટલે એ વસ્તુ કરવી કાંઈ સહેલી વાત નથી. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૪૪૨-૪૪૪)

*

## વ્યક્તિ સહમતિ આપે પછી જ પોતે મૃત્યુ પામતી હોય છે

**તમે કહ્યું છે કે, ''કોઈ મૃત્યુને વહેલું બોલાવી શકે નહીં કે મુલતવી રાખી શકે નહીં.'' પરંતુ જો કોઈ પ્રગતિ કરતું અટકી જાય તો મૃત્યુ આવે છે. તો પછી જો માણસ પ્રગતિ કરતો રહે તો તે મૃત્યુના સમયને લંબાવી શકે ? કે પછી એમ માનવું કે માણસના જન્મથી જ મૃત્યુનો દિવસ અને સમય પૂર્વનિર્મિત હોય છે ?**

ના, આ કાંઈક જુદી જ વસ્તુ છે, બીજી ભૂમિકા ઉપરની. મેં બીજી જગાએ લખેલું છે કે જ્યારે માણસ મૃત્યુ માટે સંમતિ આપે ત્યારે જ તે મૃત્યુ પામે છે. અને અહીં જે મેં કહ્યું તેનાથી તે વિરોધી જેવું લાગે છે. આમાં બે દૃષ્ટિબિંદુ છે. અહીં મેં બિલકુલ સામાન્ય ભૌતિક દૃષ્ટિબિંદુથી શારીરિક ચેતનાનો મુદ્દો લીધો છે. મેં બીજી જગાએ સમજાવ્યું છે કે જાણે કે જુદા જ પ્રકારના ''નિયતિનાં સ્તરો'' આપણા સ્વરૂપમાં હોય છે. શારીરિક અસ્તિત્વને એક પ્રકારની 'નિયતિ' હોય છે તે જ પ્રમાણે પ્રાણને પણ. માનસિક અસ્તિત્વને પણ 'નિયતિ' હોય છે. તેમજ ઊર્ધ્વ મન અને ચૈતસિક સ્વરૂપને પણ. અને પછી ઊર્ધ્વતર અસ્તિત્વોને પણ નિયતિઓ હોય છે — અતિમાનસને પણ એક નિર્માણ-શક્તિ હોય છે અને આમ દરેકની નિયતિ બીજી બધી નિયતિઓના મિશ્રણથી આવે છે. (મને લાગે છે કે આ વિશે મેં કોઈ જગાએ લખેલું છે) દાખલા તરીકે જો કોઈ ક્ષણે સમગ્ર શારીરિક નિયતિને ચોક્કસ રીતે મૃત્યુને લાવવાની ફરજ પડે ત્યારે જો તમે ઓચિંતા વધારે તીવ્ર અને ઉચ્ચ પ્રકારની નિયતિના સંપર્કમાં આવો, ઉદાહરણ તરીકે અતિમાનસની નિયતિમાં અને જો તમે બન્નેનું અનુસંધાન કરો તો તમે શારીરિક નિયતિને તે ક્ષણે પૂરેપૂરી ફેરવી શકો; શારીરિક નિયતિએ મૃત્યુનું જે નિર્માણ કર્યું હતું તે નાશ પામે છે, સંજોગો બદલાઈ જાય છે અને મૃત્યુ પાછું હઠાવાય છે.

જો તમે ઉચ્ચતર નિર્ણાયક તત્ત્વને વચ્ચે નહિ પાડો તો તમે કાંઈ ફેરફાર કરી શકશો નહિ. એ એક જ એવો રસ્તો છે જે તમારી શારીરિક નિયતિમાં ફેરફાર કરી શકે. જો તમે શારીરિક ચેતનામાં જ રહો અને તમારી નિયતિને ફેરવવા માગો તો તમે તે પ્રકારે કરી શકો નહિ.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : પૃ. ૪૮-૪૯)

*

## આત્માની આસપાસ સ્વરૂપના વિધવિધ ભાગોનું સુગઠન કરવું

**બાળક :** કેટલીક વાર જ્યારે લોકો મૃત્યુશૈયામાં હોય છે ત્યારે તેમને ખબર હોય છે કે તેઓ મરવાની તૈયારીમાં છે. તો પછી તેઓ એ સત્ત્વને જતા રહેવાનું કેમ કહેતા નથી ?

**શ્રી માતાજી :** આહ ! એનો આધાર તો એ કોણ માણસ છે એના ઉપર છે. બે વસ્તુઓ આવશ્યક છે. સૌ પ્રથમ તો તમારા સ્વરૂપનો કોઈ પણ ભાગ, તમારા સ્વરૂપમાંનું કાંઈ પણ મૃત્યુની કામના કરતું હોવું જોઈએ નહિ. અને એવું બહુ વાર બનતું નથી. હંમેશાં તમારામાં કોઈક

ઠેકાણે કો'ક નિરાશાવાદી ભાગ હોય છે જ : એ કોઈ એવી વસ્તુ હોય છે જે થાકી ગઈ હોય છે, એને ઘૃણા ઊપજી હોય છે, એને થતું હોય છે કે હવે બહુ થયું, એવી કોઈ વસ્તુ હોય છે જેને સંઘર્ષ ગમતો નથી, એ આળસુ હોય છે. એ કહે છે : 'ભલેને એમ થાય ! ચાલો પૂરું થયું ! તે સારું થયું.' એટલું જ પૂરતું હોય છે, તમે મરણ પામો છો.

પરંતુ એક હકીકત છે : જો તમારામાંની કોઈ વસ્તુ, કોઈ પણ વસ્તુ મરવાની સંમતિ નહિ આપતી હોય તો તમે મરશો નહિ. કોઈ પણ વ્યક્તિ મૃત્યુ પામે તે માટે હંમેશાં એક સેકન્ડ, કદાચ એક સેકન્ડનો સોમો ભાગ પણ એવો હોય છે જ્યારે તે મૃત્યુ માટે પોતાની સંમતિ આપતી હોય છે. જો આ સંમતિની સેકન્ડ નથી હોતી તો એ વ્યક્તિ મરણ પામતી નથી.

હું એવા લોકોને જાણું છું જેઓ સર્વ ભૌતિક અને પ્રાણમય નિયમો પ્રમાણે ખરેખર મરી જવા જોઈએ. પરંતુ તેઓએ કહેલું : 'ના, હું નહિ મરું' અને તેઓ જીવતા રહ્યા. બીજા કેટલાક એવા હોય છે જેમને મરણ પામવાની જરૂર નથી હોતી, પરંતુ તેઓ એ જાતના હોય છે અને કહે છે : 'અરે ! હા ! બરાબર એમ થાય તો પણ સારું, એ વાત પૂરી થાય.' અને પછી એમનું જીવન પૂરું થઈ જાય છે. કેવળ એટલું જ, એથી વધુ કંઈ નહિ; તમારામાં મરવા માટેની સતત કામના હોય એ જરૂરી નથી, તમે એટલું કહો : 'ભલે, હા, હું ધરાઈ ગયો છું !' અને પછી વાત પૂરી થઈ જાય છે. અને ખરેખર વાત એમ જ છે. જેમ તમે કહો છો તેમ ભલે મૃત્યુ તમારી પથારી પાસે ઊભું હોય અને તમે એને કહો કે, 'મારે તારી જરૂર નથી, ચાલતું થા,' તો પછી એને ચાલ્યા જવાની ફરજ પડશે. પરંતુ ઘણું ખરું લોકો નમતું મૂકે છે; સંઘર્ષ કરવા માટે તમારે બળવાન, હિંમતવાન અને સહનશીલ થવું જોઈએ, તમારામાં જીવનની જરૂર માટે ઘણી શ્રદ્ધા હોવી જોઈએ. જેમ કે, કોઈને એમ અત્યંત ઉત્કટપણે લાગતું હોય કે એને હજી કોઈ વસ્તુ કરવાની છે અને એ તેણે પૂર્ણપણે કરવી જ જોઈશે. પણ એવું કોણ છે જેનામાં કોઈક સ્થળે આવો નાનકડો નિરાશાવાદી અંશ રહેલો હોતો નથી, જે નમતું જોખે છે અને જે એમ નથી કહેતો કે 'એમ બરાબર છે ?'.... એ વસ્તુ એવી છે, એમાં જરૂર હોય છે પોતાના સ્વરૂપને એકત્ર કરવાની.

આપણે ગમે તે રસ્તે જઈએ, આપણે ગમે તે વાંચીએ, પણ અંતે આપણે એક જ પરિણામ ઉપર પહોંચીએ છીએ. કોઈ પણ વ્યક્તિને માટે અગત્યની વસ્તુ આ છે : પોતાના દિવ્ય કેન્દ્રની આસપાસ પોતાની જાતને એકત્રિત કરવી; એમ કરવાથી જ એ સાચી વ્યક્તિ, સ્વાત્મા અને પોતાના ભાવિનો સ્વામી થાય છે. નહિ તો પછી એ વ્યક્તિ જાણે કોઈ નદી ઉપર બૂચનું લાકડું આમતેમ ઝોલા ખાતું હોય તેમ વિશ્વશક્તિનાં બળોનું એક રમકડું બની રહે છે. એને જ્યાં નથી જવું હોતું ત્યાં એ જાય છે, એને જે વસ્તુઓ કરવી નથી હોતી તે તેની પાસે કરાવવામાં આવે છે, અને છેવટે એ બહાર નીકળવાની કોઈ શક્તિ વિનાની અવસ્થામાં પોતાની જાતને એક ખાડામાં ગુમાવી બેસે છે. પરંતુ જો તમે સભાનપણે સુસંયોજિત હશો, એક દિવ્ય કેન્દ્રની આસપાસ પોતાની જાતને તમે એકત્રિત કરેલી હશે, તમે એને જ વશ વર્તીને એના વડે જ દોરવાતા હશો,

તો તમે તમારા ભાવિના સ્વામી હશો. એમ બને તે માટે મહેનત લેવા જેવું છે....

(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૨૩૮-૪૦)

*

**ખરાબ અને ભયાનક મરણ**

**જ્યારે માણસ આપઘાત કરે છે ત્યારે શા માટે તેને દુઃખ ભોગવવાં પડે છે ?**

માણસ શા માટે આપઘાત કરે છે ? કારણ કે – તે બાયલો, ડરપોક હોય છે. બાયલા માણસને હંમેશાં દુઃખ સહન કરવાં જ પડે છે.

**પછીની જીંદગીમાં તેને ફરી દુઃખ ભોગવવાં પડે છે ?**

ચૈત્યિક અસ્તિત્વ અમુક અનુભવોની પરંપરામાંથી પસાર થવાના, બોધપાઠ શીખવાના, અને પ્રગતિ કરવાના નિશ્ચિત હેતુ માટે આવતું હોય છે. જો તેનું કાર્ય પૂરું થયા પહેલાં તમે ચાલ્યા જાઓ, તો તેને વધારે કઠિન પરિસ્થિતિઓમાં તે કાર્ય ફરી કરવા માટે પાછું આવવું પડે છે. એટલે એક જીવનમાં તમે જેનાથી દૂર ભાગી ગયા છો તે બધું બીજા જીવનમાં તમને આવી મળશે; તે વધારે કઠિન સંજોગો હશે. આપઘાત કર્યા સિવાય પણ, જો તમારે જીવનમાં અમુક મુસીબતોનો પરાભવ કરવાનો હોય, જેને આપણે કસોટી કહીએ છીએ તેમાંથી પસાર થવાનું હોય અને જો તમે તેમાંથી પસાર ન થાઓ, આપઘાત કરીને તેમાંથી છટકી જાઓ, તો બીજા જન્મમાં તમારે તેમાંથી પસાર થવું જ પડશે અને તે પહેલાં કરતાં વધારે કઠિન કસોટી હશે.

તમે જાણો છો કે લોકો ખૂબ અજ્ઞાન હોય છે. તેઓ એમ જ માને છે કે વસ્તુસ્થિતિ જ આવી છે જીવન પછી મૃત્યુ આવે જ છે. જીવન મુસીબતોનો એક ગુચ્છ છે અને પછી આવતું મૃત્યુ એક સનાતન શાન્તિ છે. પણ હકીકતમાં તેવું નથી. જ્યારે માણસ સ્વૈચ્છિક રીતે આપઘાત કરીને ચાલ્યો જાય છે, અજ્ઞાનમય અને અસ્પષ્ટ આવેગપૂર્વક ચાલ્યો જાય છે ત્યારે તે આ સર્વ આવેગોથી અને અજ્ઞાનથી ભરેલા પ્રાણિક જગતમાં સીધો જતો હોય છે. પરિણામે જે મુશ્કેલીઓમાંથી તે છટકી જવા માગતો હતો તે ફરી તેની પાસે ઉપસ્થિત થાય છે, અને તે પણ શરીર જે રક્ષણ આપે છે તે રક્ષણ વગર. જો તમને કદી ભયાનક ઓથાર (ભીષણ સ્વપ્ન)નો અનુભવ થયો હોય, અર્થાત્ પ્રાણિક જગતમાં મુસાફરી કરવાનો અનુભવ થયો હોય તો તેનો ઉપાય છે તમારી જાતને જાગ્રત કરી દેવાનો, અર્થાત્ તરત જ તમારા શરીરમાં પાછા ધસી આવવાનો. પણ જ્યારે તમે તમારા દેહનો વિનાશ કરી નાંખ્યો હોય છે, તો પછી તમારી પાસે તમારું રક્ષણ કરનાર શરીર નથી હોતું. પરિણામે તમે સતત ચાલુ રહેતા ઓથારમાં જ રહો છો, જે બહુ સુખપ્રદ સ્થિતિ નથી. કારણ કે તે ઓથારથી દૂર રહેવા માટે તમારામાં ચૈત્યિક ચેતના હોવી જોઈએ. તમે જ્યારે ચૈત્યિક ચેતનામાં હો છો ત્યારે વસ્તુઓ તમને દુઃખ નહિ આપે તેવી ખાતરી તમે રાખી શકો છો. એ તો સાચે જ અજ્ઞાનમય અંધકારમાં ગતિ છે, મેં કહ્યું તેમ, સતત કરવા યોગ્ય પ્રયત્નો સામે એક મહાતન નામર્દાઈ છે. બાયલાપણું છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : પૃ. ૨૪-૨૫)

### સતત સ્મરણ અને વિદાયની ઘડી :

જ્યારે આપણે એ નવી આધ્યાત્મિક સ્થિતિને સ્થાપન કરી શકીએ છીએ, જ્યારે તે આપણી સતત અને સામાન્ય અનુભૂતિ રૂપ થઈ રહે છે ત્યારે એની સ્મૃતિ આપોઆપ જ રહે છે, કારણ કે આપણી ચેતનાનું એ સ્વાભાવિક અને સામાન્ય સ્વરૂપ થઈ ચૂક્યું હોય છે. પરંતુ આ કાર્ય આપણા જીવનની સમગ્ર પ્રવૃત્તિથી, પ્રકૃતિના વલણથી અને આપણી અંતરની સ્થિતિથી તદ્દન વિરોધી એવી વસ્તુનું કેવળ મરણ-પથારીએ સ્મરણ કરવાથી થઈ શકે નહીં. એવા અંતકાળના યાંત્રિક સ્મરણમાં એટલી મહાન રક્ષણ કરનારી શક્તિ હોતી નથી. અહીં ગીતા જે વિચાર જણાવે છે તે અને સામાન્ય લોકપ્રિય થયેલી ધાર્મિક છૂટછાટ અને સગવડોની પાછળ જે વિચાર હોય છે તે બન્ને એક નથી. એટલે કે ખ્રિસ્તી ધર્મના અભાવવાળી પ્રકાશ વગરની આખી જિંદગી ગાળીને તેને અંતે પાદરી પાસેથી પાપોની મુક્તિ માટેની આખી પ્રાયશ્ચિત્ત વિધિ કરાવવી, યા તો, આગળથી સાવચેતી લઈને કે અકસ્માત રીતે પવિત્ર કાશીમાં કે ગંગાકિનારે મરણ પામવું એને મુક્તિ પામવા માટેની પૂરતી વ્યવસ્થા ગણનાર અસંસ્કૃત તરંગ અને ગીતાના અહીંના કથનમાં રહેલું તત્ત્વ એ બેની વચ્ચે કશું સરખાપણું નથી. **यं भावं स्मरन् त्यजति अंते कलेवरम्.** (૮.૬) ''જે ભાવના ઉપર, શરીરનો ત્યાગ કરતી વખતે'' મનને એકાગ્ર કરવાનું હોય છે તે ભાવમાં પોતાના સ્થૂળ શરીરમાં ગાળેલા પાર્થિવ જીવન દરમિયાન, પ્રતિક્ષણ, માનવ અંતરથી વિકાસ પામતો રહેલો હોવો જોઈએ. **सदा तद्भावभावित:** (૮.૬) એટલે, દિવ્ય ગુરુ અર્જુનને કહે છેઃ ''સર્વ સમયે મારું સ્મરણ કર, અને યુદ્ધ કર; કારણ કે જો તું **मयि अर्पित मनोबुद्धि:** (૮.૭) હશે, એટલે તારું મન અને તારી બુદ્ધિ મારામાં સ્થાપિત અને સમર્પિત હશે તો તું, જરૂર મને જ પ્રાપ્ત કરશે. પ્રભુ સાથે યોગમાં સ્થિર સ્થાપન થયેલી એવી ચેતના વડે હંમેશાં ચિંતન કરવાથી અને સતત અવ્યભિચારી એવા યોગમાં સ્થિર થનાર માણસ પરમ પુરુષરૂપ પુરુષોત્તમને પ્રાપ્ત કરે છે.'' (૮.૮)

(ગીતાનિબંધો પૃ. ૩૫૧-૩૫૨)

*

*જે લોકો ગુહ્યવાદીઓ હોય છે તેમને માટે તો ભયનો ઈલાજ એટલો જ હોય છે કે પ્રભુનું સ્મરણ કરીને તેમના બાહુઓમાં કે ચરણો પાસે લપાઈને બેસી જવું અને પછી બહાર, અંદર કે ગમે ત્યાં, જે કાંઈ બને તેની જવાબદારી તેમના ઉપર છોડી દેવી— અને તરત જ ભયની લાગણી અદૃશ્ય થઈ જાય છે. એ ઈલાજ જો કે ગુહ્યવાદીઓ માટેનો છે પરંતુ એ સૌથી સહેલો છે, પરંતુ બધા લોકો એવા ભાગ્યશાળી નથી હોતા કે ગુહ્યવાદી બનવા જેટલી પ્રભુકૃપા તેમની ઉપર હોય.*

(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૪૪૬-૪૭)

*



**પ્રશ્ન :** મૃતાત્માના શરીરમાં ઈશ્વરની હાજરી હોય છે ?

**ઉત્તર :** ઈશ્વર સર્વત્ર છે. અને હું ભારપૂર્વક જણાવું છું કે ઈશ્વરને માટે સજીવન કે મૃત એવું કંઈ જ હોતું નથી - સર્વ કાંઈ શાશ્વતીમાં જીવન ધારણ કરે છે.

**પ્રશ્ન :** વિદાય લેનાર આત્માના સુખ માટે આપણે શું કરવું જોઈએ કે જેથી કરીને એ આત્મા સારી પરિસ્થિતિઓમાં દા.ત. આધ્યાત્મિક વાતાવરણમાં ફરીથી જીવન ધારણ કરી શકે ?

**ઉત્તર :** શોક કરવો નહિ અને શાન્ત તથા સ્વસ્થ રહી વિદાય લેનાર આત્માને પ્રેમપૂર્વક યાદ કરતાં રહેવું. (CWM : 13 : 132)

## બેભાનાવસ્થામાં હોઈએ ત્યારે શ્રી માતાજીના નામનો જપ કરવો.

'ક'એ એમનું શરીર છોડી દીધું હતું. શસ્ત્રક્રિયા આશ્ચર્યજનક રીતે, લગભગ ચમત્કારી રીતે સફળ રહી હતી – એ શસ્ત્રક્રિયા ભયંકર શસ્ત્રક્રિયાઓમાંની એક હતી. જેમાં તમારા શરીરના એક ભાગને બહાર કાઢી લેવામાં આવે છે. શસ્ત્રક્રિયા પછી ચાર દિવસો સુધી 'ક' એકદમ સ્વસ્થ હતા. પછી બધું જ બગડી ગયું હતું.

શસ્ત્રક્રિયા દરમિયાન અને પછી તુર્ત જ મેં એમના પર શક્તિ મૂકી હતી, આવા કિસ્સાઓમાં હું હંમેશાં આ પ્રમાણે કરતી જ હોઉં છું; જેથી કરીને બધું શ્રેષ્ઠ રીતે થઈ રહે. પછી થોડા દિવસ અગાઉ, જપ કરતી વખતે મેં અનુભવ્યું કે એક પ્રકારનો ક્રમ એમાં જળવાઈ રહ્યો છે – એકદમ સ્પષ્ટ ક્રમ – 'ક' ઉપર મારે એકાગ્રતા કરવી એમ મને લાગ્યું, જેથી કરીને તે પોતાના આત્મા વિશે સભાન બને અને શ્રેષ્ઠ પરિસ્થિતિઓ હેઠળ એ પોતાનું શરીર છોડી દે. અને મેં એ જોયું હતું કે એ એકાગ્રતાની અસર અદ્‌ભુત રીતે થઈ હતી. એવું લાગે છે કે તેમના છેલ્લા દિવસો દરમિયાન તેઓ અટક્યા વગર મા - મા - મા એવા જપ કરતા રહ્યા હતા. એમની અર્ધબેભાનાવસ્થામાં પણ એ નામજપ ચાલુ હતા.

અને એકાગ્રતા બળવતર થતી જ ગઈ. ગઈકાલના દિવસના આગળના દિવસે એ એકાગ્રતા ખૂબ, ખૂબ, અસરકારક રીતે થઈ હતી અને ગઈકાલે સવારે, બપોરે દોઢ વાગ્યે, એ એકાગ્રતા મને અંતરમાં ખેંચી ગઈ, 'ક' મારી પાસે એક પ્રકારની નિદ્રાવસ્થામાં આવ્યા હતા, સભાન નિદ્રા, અને હું મોટેથી બોલી ઊઠી હતી : 'આહ, 'ક!'

એ પંદર મિનિટ સુધી ચાલ્યું હતું, હું સંપૂર્ણપણે અંતરાભિમુખ હતી, અંદર જ હતી, એમને આવકારવા જાણે તૈયાર હતી.

(The Mother : Conversations with a disciple : May 28, 1960)

# જીવનમાંથી જીવન પછીથી અવસ્થામાંનું સંક્રમણ

...માણસે મૃત્યુને કેવી તો ભયંકર કરુણાજનક વસ્તુ બનાવી મૂકી છે ! હમણાં હમણાં મેં એવું કંઈક જોયું છે કે જેમાં આવો કાંઈ ભેદ હોતો જ નથી. ગઈ રાતે કે પછી એની પહેલાંની રાતે હું એક સૂક્ષ્મ શારીરિક જગતમાં કાંઈ નહિ તો બે કલાક સુધી જઈ આવી હતી. ત્યાં મરેલા અને જીવતા બંને પ્રકારના લોકો સાથે સાથે હરતા ફરતા હતા, કશો પણ ભેદ અનુભવ્યા વિના. એ જગતમાં, ત્યાં કશો ભેદ હોતો નથી. ત્યાં જીવતા માણસો હતાં જેમને આપણે 'જીવતા' કહીએ છીએ તેવા - અને આપણે જેમને મરેલાં કહીએ છીએ તે પણ હતા. એ બધાં ત્યાં હતાં, બધાં સાથે મળીને ખાતાં પીતાં હતાં. હરતાં ફરતાં હતાં. રમતાં હતાં, વગેરે વગેરે. ત્યાં એક મઝાનો પ્રકાશ હતો, શાંત અને એકંદરે બહુ આનંદદાયક, ખૂબ જ આનંદદાયક, અને મેં સ્વગત કહ્યું, 'જુઓ તો, માણસોએ આમ આરામ લીધો છે અને પછી કહ્યું છે, ''આ હવે, મૃત્યુ.'' અને મરેલા લોકો ! એમાં ખૂબી એ છે કે એ બધાં જાણે અચેતન વસ્તુઓ હોય એમ આપણે એમને ગણીએ છીએ અને આ શરીર તે હજી પણ સચેતન વસ્તુ છે એમ ગણીએ છીએ. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : પૃ. ૧૬૮)

*

### મૃત વ્યક્તિ પરત્વે જીવંત વ્યક્તિનું વલણ

એક એવો કિસ્સો છે જેમાં એક મૃતને સ્મશાનગૃહમાં લઈ જવામાં આવ્યો હતો ત્યાં જ ધોધમાર વરસાદ શરૂ થયો — એટલે અગ્નિદાહ આપવાનું શક્ય ન બન્યું. ડાઘુઓ મૃતદેહને સ્મશાનમાં જ મૂકી પાછા વળ્યાઃ ''આવતીકાલે એને અગ્નિદાહ આપીશું'' અને બીજી સવારે ડાઘુઓ જ્યારે સ્મશાનમાં પાછા ફર્યા ત્યારે મૃતદેહ ત્યાં ન હતો. (હાસ્ય). એ માણસ ત્યાં ન હતો. પણ એટલે થી જ વાત પૂરી નથી થઈ જતીઃ ૩૦ વર્ષ બાદ એ પાછો આવ્યો (એ રાજવી હતો) એના મૃતદેહને સન્યાસીઓ લઈ ગયા હતા, એકાન્તમાં એને લઈ જવામાં આવ્યો હતો અને એ રાજવી પછી સન્યાસી બની ગયા હતા. અને ૩૦ વર્ષ બાદ, ભગવાન જાણે શું થયું તે એ રાજવીએ પોતાના રાજ્યમાં પાછા ફરી પોતાનો હક્ક પાછો માગવાનું નક્કી કર્યું. અને એ સાબિતીઓ સહિત રાજ્યમાં પાછો ફર્યો અને પોતે જ રાજવી છે એ પુરવાર કર્યું....

આ પ્રકારની અસંખ્ય કથાઓ મેં સાંભળી છે, જે દર્શાવે છે કે જીવંત મનુષ્યો મૃતદેહને જલ્દીમાં જલ્દી સ્મશાનગૃહે લઈ જવાનું વલણ ધરાવતાં હોય છે.... ખરું ને ? 'જેટલું જલ્દી કાઢી જવાય એટલું વધુ સારું....'

જીવતી વ્યક્તિઓનું મૃત વ્યક્તિ પરત્વેનું વલણ તે માનવજાતિના સ્વાર્થી અજ્ઞાનની અભિવ્યક્તિઓમાંની એકદમ નાખુશી દર્શાવતી અભિવ્યક્તિ હોય છે....

થોડું ઘણું પણ સત્ય આવિર્ભાવ પામે તે પહેલાં ઘણી બધી વસ્તુઓ બદલાઈ જવી જ જોઈશે — હું આટલું જ જણાવી શકું.

(The Mother : Conversations with a disciple, August 10, 1963)

*

## અગ્નિદાહ આપવામાં ઉતાવળા થાઓ નહિ

લોકો જ્યારે અગ્નિદાહ આપવાની ખૂબ ઉતાવળ કરતા હોય છે ત્યારે ક્યારેક તેઓ જીવંત વ્યક્તિને સળગાવી દેતા હોય છે !..... એમણે રાહ જોવી જોઈએ.

કારણ, રૂપની પણ ચેતના હોય છે, આકારની પણ જીવન-શક્તિ હોય છે, એક ચેતના હોય છે, કોશોએ ધારણ કરેલી રૂપની અંદરની ચેતના. એને બહાર આવવા માટે ૭ દિવસનો સમય લાગતો હોય છે. એટલે જ સળગતી વખતે અમુક સમયે બળી રહેલો દેહ ઓચિંતો કોઈ હિલચાલ કરતો હોય છે — લોકો કહે છે એ યંત્રવત થતું હોય છે. એ યંત્રવત નથી હોતું, હું જાણું છું એ યંત્રવત નથી હોતું.

હું એ જાણું છું. મને ખબર છે કે આ રૂપની, આકારની ચેતના અસ્તિત્વ ધરાવતી હોય છે. હું જાણું છું. કારણ, હું વાસ્તવિક રીતે દેહની બહાર ગયેલી છું. બહુ સમય પહેલાં હું કહેવાતી મૂર્છાવસ્થામાં હતી અને પછી થોડા સમય બાદ એ જ અવસ્થામાં હોવા છતાં શરીર ફરીથી જીવંત થઈ ગયું; એટલે કે એ બોલવા તેમ જ હલનચલન કરવા શક્તિમાન હતું. (થીઓંએ મને આ તાલીમ આપી હતી) શરીર ઊઠીને હલનચલન કરી શકે. અને છતાં એ શરીરમાંથી સર્વ કંઈ બહાર ગયેલું હોય !

એક વખત આમ સર્વ કંઈ બહાર ગયું હોવાથી શરીર સ્વાભાવિક રીતે ઠંડુ પડી ગયું હતું. તેમ છતાં શરીરની ચેતના હવામાંથી થોડી ઊર્જા મેળવી લેતી હતી, અહીં કે ત્યાંથી એ શરીર થોડી ઊર્જા મેળવી લેતું હતું... અને હું એ અવસ્થામાં બોલતી હતી. હું બોલી હતી, બહુ સારી રીતે બોલી હતી અને સાથે સાથે હું સર્વત્ર જે જોઈ રહી હતી તેનું વિગતવાર બયાન પણ મેં કરી બતાવ્યું હતું.

એટલે આમ અગ્નિદાહ આપવાની આ ટેવને હું બહુ પસંદ કરતી નથી. મને લાગે છે આ પ્રથા અહીં જ, ભારતમાં જ છે...

(The Mother : Conversations with a disciple, August 10, 1963)

*

## મૃતાત્માને મદદ કરવી

**બાળક :** મૃત્યુ વખતે પ્રાણમય સ્વરૂપ ઉપર પ્રાણમય જગતમાં વિરોધી શક્તિઓ કે તત્ત્વો તરફથી હુમલા થાય તો તે શું કોઈ ઠેકાણે આશ્રય શોધતું નથી હોતું ?

**શ્રી માતાજી :** હા, આટલા માટે બધા જ દેશોમાં તથા બધા જ ધર્મોમાં, માણસનું મૃત્યુ થાય તે પછી, કાંઈ નહિ તો સાત દિવસ સુધી, મૃત્યુ પામેલી વ્યક્તિનું એકાગ્ર ભાવે સ્મરણ કરવું જોઈએ

એમ કહેવામાં આવ્યું છે. કારણ કે એ વ્યક્તિને વિશે તમે જ્યારે પ્રેમપૂર્વક વિચાર કરતા હો છો : કોઈ પણ આંતરિક અસ્વસ્થતા વિના, રુદન કર્યા વિના, પેલી વ્યક્તિ વિશે કોઈ પણ વ્યગ્ર લાગણી વિના; ત્યારે તમે જો શાંત થઈ શકતા હશો તો, તમારું વાતાવરણ એ વ્યક્તિને માટે એક રીતની જ્યોતિ જેવું બની રહેશે. એના ઉપર જ્યારે વિરોધી શક્તિઓનો હુમલો થતો હોય (હું માણસના પ્રાણમય સ્વરૂપની વાત કરું છું. પોતાની વિશ્રાંતિની અવસ્થા પ્રતિ જઈ રહેલા ચૈત્ય પુરુષની નહિ) ત્યારે એને સાવ નિઃસહાયતા અનુભવાય, અને પોતે શું કરવું તેની કશી ખબર ન પડે, અને પોતે મહા કષ્ટમાં આવી પડ્યો છે એમ તે અનુભવે તે બનવા જોગ છે. એવે વખતે પછી તેને જે લોકો એને વિશે વિચાર કરતા હોય છે તેમની સાથેના સંબંધને લીધે તેમનો પ્રકાશ દેખાય છે અને એ ત્યાં ધસી જાય છે. એ વાત લગભગ સતત બનતી રહે છે કે મૃત્યુ પામેલા માણસની પ્રાણમય રચના, તેના પ્રાણમય સ્વરૂપનો એક ભાગ : અથવા માણસનો પ્રાણ જો સારી રીતે સંગઠિત બનેલો હોય છે તો કોઈક વાર તો આખોયે પ્રાણ એની સાથે સ્નેહ ધરાવતી રહેલી વ્યક્તિના અથવા તો માણસોના પ્રકાશમાં, તેમના વાતાવરણમાં આશ્રય લેતો રહે છે. કેટલાક માણસોની સાથે મૃત્યુ પામેલા માણસના પ્રાણનો એક ભાગ હંમેશાં રહેતો હોય છે. આ કહેવાતી વિધિઓની સાચી ઉપયોગિતા આ પ્રમાણેની છે. એ સિવાય એનો બીજો કોઈ અર્થ નથી હોતો.

આ વસ્તુ કશી વિધિઓ વિના કરવી એ વધુ સારું છે, કેમકે એ વિધિઓ કાંઈ નહિ તો નુકશાન જ કરતી હોય છે, અને તેનું કારણ તદ્દન સાદું હોય છે. તમે જ્યારે વિધિ અંગે કાંઈ હિલચાલ કરતા હો છો, ક્રિયા કરતા હો છો, ત્યારે તમે મૃત્યુ પામેલી વ્યક્તિ કરતાં એ બધી વિધિઓને લગતી વસ્તુઓનો જ વધુ વિચાર કરતા હો છો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : પૃ. ૨૩૨)

*

એમાં શોક કરવા જેવું કશું છે નહિ, મૃત્યુ એટલે અન્ય દેશમાં ગમન કરવું એટલો જ એનો અર્થ છે — અને તમારી નિદ્રા દરમિયાન કદાચ તમે એ દેશમાં મોટે ભાગે જતા જ હો છો.

એટલે, જ્યાં લગી વ્યક્તિ આસક્ત હોય છે ત્યાં સુધી એ વસ્તુઓને એ જ રીતે જોવાની. ભૂતકાળના સંબંધો સાથેની સર્વ આસક્તિઓ ઉપર વિજય મેળવવો જ જોઈએ.

*

અલબત્ત એ જ સાચી વાસ્તવિકતા છે — મૃત્યુમાં દેહનો જ ત્યાગ કરવામાં આવતો હોય છે, વ્યકિતગત અસ્તિત્વ એનાથી મટી જતું હોતું નથી. કોઈ વ્યક્તિ બીજા દેશમાં ચાલી જાય અને ત્યાંની આબોહવાને અનુરૂપ થવા પોતાનાં વસ્ત્રો બદલી નાખે એટલે એ વ્યક્તિ મૃત્યુ પામી છે એમ કહેવાય નહિ. (CWSA 28 : 529)

*

જે બન્યું છે તેનો સ્વસ્થતાપૂર્વક સ્વીકાર થવો જ જોઈએ કે એ નિર્મિત હતું અને એક

જીવનથી બીજા જીવનમાંની એના આત્માની પ્રગતિ માટે એ શ્રેષ્ઠ હતું. અલબત્ત, માનવદૃષ્ટિ મુજબ એ શ્રેષ્ઠ ન હોય, કારણ માનવદૃષ્ટિ વર્તમાનને જ માત્ર જોઈ શકે છે અને બાહ્ય દેખાવોને જ જોઈ શકે છે. અધ્યાત્મના અભીપ્સુ માટે મૃત્યુ એ એક પ્રકારના જીવનમાંથી બીજા પ્રકારના જીવન પ્રત્યેનો માર્ગ માત્ર હોય છે. કોઈ મૃત્યુ પામતું હોતું નથી, વ્યક્તિ માત્ર વિદાય લેતી હોય છે.

*

મૃત્યુ પછી આત્મા થોડા દિવસો તો તેના શરીર ઉપરની તેમ જ કુટુંબીજનોની આસક્તિને કારણે તેનું શરીર ખોળે છે અને સ્વજનોના વાતાવરણમાં અગર ઘરમાં રહે છે. તે પછી ધીમે ધીમે તે પ્રાણમય ભૂમિકાનો અનુભવ લે છે અને પ્રાણમય ખોળિયાનું વિસર્જન થાય ત્યાં સુધી તે ભૂમિકામાં રહે છે. આ ભૂમિકામાં તે આત્માને ઘણી મુશ્કેલીઓ ઊભી થાય છે. તેને ત્યાં રક્ષણ મળે અને તેનો માર્ગ સરળ બને એમ જો તેનાં સ્વજનો સાચા હૃદયથી ઇચ્છતાં હોય તો તેમણે જરા પણ આક્રંદ, નિરાશા કે દિલગીરી ધારણ કરવી જોઈએ નહિ. પણ ઘરનું વાતાવરણ શુદ્ધ, શાન્ત અને આનંદી રાખીને પોતાના ઇષ્ટ દેવની પ્રાર્થના કરવી કે, હે પ્રભુ, તું મૃતાત્માને રક્ષણ આપ, શાન્તિ આપ અને તેનો માર્ગ સરળ બનાવ. સહેજે બે ત્રણ માસ સુધી આવો નિત્ય નિયમ રાખવો યોગ્ય ગણાય અને ધીમે ધીમે તેને ભૂલી જવા પ્રયત્ન કરવો. તે ઉપરાંત તમારે જો કોઈ સમર્થ ગુરુ હોય કે જેને તે ગુહ્ય ભૂમિકાઓનું સારું જ્ઞાન હોય તેમને જણાવવું અને વિનંતી કરવી કે તે મૃતાત્માને શાન્તિ આપે જેથી તે ગુરુ પોતાની શક્તિથી તે આત્માને શાન્તિ તેમ જ રક્ષણ આપી શકે. આક્રંદ કરવાથી અગર દિલગીર થવાથી મૃતાત્માનું ખેંચાણ પૃથ્વી તરફનું વધે છે અને તેની મુશ્કેલીઓ પણ અનેકગણી વધી જાય છે. માટે સ્વજનોએ બહુ જ શાન્તિ ધારણ કરવી જરૂરી છે. (પૂર્ણયોગની સમીક્ષા : ૨૩)

*

*સત્ય એ છે કે લોકો મૃતદેહને સળગાવે છે તે એટલા માટે કે એ રીતે એ વ્યક્તિનું પ્રાણમય સ્વરૂપ વિનાશ પામે. એની પાછળનો વિચાર એ છે કે કોઈ ભૂત રહેવા પામે નહિ.*

(The Mother : Conversations with a disciple, August 10, 1963)

*

# મૃત વ્યક્તિને કઈ રીતે રક્ષણ આપવું

તમારી પત્નીના દારુણ મૃત્યુની ઘટનાએ તમને કેટલો આઘાત આપ્યો હશે એ હું સમજી શકું છું. પરંતુ હવે તમે સત્યના જીજ્ઞાસુ અને સાધક છો એટલે સામાન્ય માનવીઓનું મન જે પ્રકારની પ્રતિક્રિયાઓ કરે તેના કરતાં કંઈ ઉપરની ભૂમિકા ઉપર તમારા મનને તમારે સ્થાપિત કરવું જોઈએ અને વસ્તુઓને વિશાળતર, ઊર્ધ્વતર પ્રકાશ વડે જોતાં થવું જોઈએ. તમારી પત્નીને તમારે આ અજ્ઞાનમય જીવનયાત્રામાં ચડતીપડતીમાંથી પસાર થઈ પ્રગતિ કરી રહેલા આત્મા તરીકે ગણવી જોઈએ — બીજાં બધાંનાં જીવન અહીં એવાં જ છે; અને એ પ્રગતિમાં વસ્તુઓ એવી રીતે બને છે કે જે માનવ મનને કમનસીબ જ લાગે અને આમે ય આ પાર્થિવ જીવનનો હંમેશનો ટૂંકો ગાળો જેને આપણે જીવન કહીએ છીએ તે જ્યારે અચાનક અકસ્માતને કારણે કે હિંસક બનાવને કારણે કપાઈ જાય ત્યારે આપણને એ વસ્તુ વિશેષરૂપે દુઃખદાયી અને બદકિસ્મત લાગવા સંભવ છે. પરંતુ જે વ્યક્તિ બાહ્ય દેખાવોની પાછળ જઈ જોઈ શકે છે તે જાણે છે કે આત્માની પ્રગતિની યાત્રામાં જે કાંઈ બને છે તે અર્થપૂર્ણ હોય છે અને અનુભવોની હારમાળામાં એ બનાવોની શી જરૂરિયાત હોય છે, એમનું શું સ્થાન હોય છે, અને એ અનુભવો એને કઈ રીતે અજ્ઞાનમાંથી પ્રકાશ પ્રત્યે વળવાના બિંદુ પ્રત્યે દોરી જાય છે તે પણ તે જાણે છે. એ જાણે છે કે મનને ગમે તેમ લાગે તો પણ દિવ્ય ભાગ્યવિધાતાએ જે કાંઈ રચેલું હોય છે તે સૌથી ઉત્તમ પરિણામ માટે હોય છે. તમારી પત્નીને તમે એક એવો આત્મા ગણો જે અસ્તિત્વની બે અવસ્થાઓ વચ્ચેની દીવાલ વટાવી ગયો છે. તમારાં પત્નીના તેમના આરામના સ્થાન પ્રત્યેના પ્રવાસમાં શાંતિપૂર્ણ વિચારો દ્વારા અને પ્રભુની મદદ માટે માગણી કરીને મદદ કરો. બહુ લાંબો સમય શોકાતુર થઈ રહેવાથી અહીંથી ગયેલા આત્માને કોઈ મદદ થતી નથી. ઊલટું તેની મુસાફરીમાં વિલંબ થાય છે. તમે જે ગુમાવ્યું છે તેનું ચિંતન ન કર્યા કરો પણ ગયેલા આત્માના આધ્યાત્મિક કલ્યાણ વિશે જ વિચારો.

(CWSA 28 : 528) **શ્રી અરવિન્દ**

# મૃત્યુ બાદ શું થતું હોય છે ?

સ્થૂળ દેહમાં માણસ નિશ્ચિત અને સુરક્ષિત છે. તેનો પાર્થિવ દેહ તેનું રક્ષણ છે. કેટલાક લોકોને પોતાના દેહ પ્રત્યે ભારે તિરસ્કાર હોય છે. તેઓ એમ માને છે કે મૃત્યુ પછી સ્થૂલ દેહની ગેરહાજરીમાં બધું સરસ થઈ જશે અને સાધના પણ સહેલી બનશે, પરંતુ ખરું જોતાં સ્થૂલ દેહ તમારો કિલ્લો છે, તમારું આશ્રયસ્થાન છે. જ્યાં સુધી તમે સ્થૂલ દેહમાં હો છો ત્યાં સુધી પ્રાણમય લોકનાં વિરોધી સત્ત્વોને તમારા ઉપર સીધેસીધી પકડ મેળવવામાં મુશ્કેલી રહે છે. રાત્રે બિહામણાં સ્વપ્ન આવે છે તે શું હોય છે ? પ્રાણની સૂક્ષ્મ ભૂમિકામાં માનવ રખડવા નીકળે છે તેના પરિણામ રૂપે એવાં સ્વપ્ન આવે છે. અને એવા બિહામણા સ્વપ્નમાં, ઓથારમાં, સૌથી પ્રથમ તમે શું કરો છો ? તમે તમારા શરીરમાં ધસી આવો છો, અને સ્થૂલ ચેતનાની સામાન્ય જાગ્રત અવસ્થામાં આવી જાઓ છો. પરંતુ પ્રાણમય ભૂમિકામાં તમે અજાણ્યા જેવા હો છો, કશા હોકાયંત્ર અને સુકાન વિના તમે પ્રાણના અફાટ સાગરમાં  અથડાતા હો છો. કેવી રીતે મુસાફરી કરવી, ક્યાં જવાનું છે તે પણ તમે જાણતા નથી. ડગલે ને પગલે તમે ન કરવાનું જ કરી બેસો છો. એ પ્રાણમય જગતના કોઈ પણ પ્રદેશમાં તમે પ્રવેશ કરો કે તુરત જ એ જગતનાં સત્ત્વો તમારી આજુબાજુ ભેગાં થઈ જાય છે અને તમને ઘેરી લઈને તમારી પાસે જે કંઈ હોય તે પડાવી લેવા, તમને ચૂસીને ભરખી જવા માગે છે. તમારી પાસે કોઈ પ્રખર જ્ઞાન યા શક્તિ નહિ હોય તો સ્થૂળ દેહ વિનાની એ અવસ્થામાં તમને એવું વાગશે કે જાણે તમે કોઈ બરફના મુલકમાં જઈ ચડ્યા છો. તમારી પાસે રક્ષણ માટે ઘર નથી, શરીર પર વસ્ત્ર નથી, અરે, જાણે તમારા શરીર પર ચામડી પણ રહી નથી, તમારી નાડીઓ ખુલ્લી પડી ગયેલી છે. કેટલાક કહે છે કે 'હાય, આ શરીર કેટલું બધું દુઃખ આપે છે?' અને મૃત્યુને તેઓ મુક્તિનું દ્વાર માને છે. પરંતુ મૃત્યુ પછી તમારી આસપાસ એનું એ જ પ્રાણમય વાતાવરણ હોય છે. અને જીવન દરમિયાન તમારાં દુઃખોને સર્જનારાં જે તત્ત્વો હતાં તેનાં તે જ તત્ત્વોનો ભય ત્યાં પણ મોજૂદ હોય છે. સ્થૂળ દેહનો વિલય થતાં તમે પ્રાણમય સૃષ્ટિના ખુલ્લા પ્રદેશમાં જઈ પડો છો. ત્યાં તમારી પાસે રક્ષણ માટે કશું સાધન હોતું નથી. ભયના પ્રસંગે દોડીને જેનું તમે શરણ લેતા હતા તે તમારો દેહ પણ ત્યાં હોતો નથી.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૫૧-૫૨)

*

**મૃત્યુનું સામ્રાજ્ય**

ઘણુંખરું ''મૃત્યુનું સામ્રાજ્ય'' નામ એક એવા પ્રદેશને આપવામાં આવે છે જેમાં વસ્તુઓ ખૂબ ભૌતિક–પ્રાણિક હોય છે અને જ્યારે કોઈ પોતાના શરીરને છોડી દે છે ત્યારે વ્યક્તિને તેમાં ધકેલવામાં આવે છે. વારુ, તે સ્થૂલ પ્રાણનો પ્રદેશ ઘણો અંધકારમય હોય છે અને તે

પ્રદેશમાં એવાં વિરોધી તત્ત્વો હોય છે, જેમના કેન્દ્રમાં કામનાઓ અને વિરોધી સંકલ્પ-શક્તિઓ હોય છે. અને આ બધાં સત્ત્વો બહુ પ્રાથમિક પ્રકારનાં હોય છે અને તે બધા ખંડિત જીવનવાળા હોય છે — તેઓ લોહી ચૂસનાર પ્રેતો હોય છે અને માનવીમાંથી જે વસ્તુઓ બહાર નીકળે છે તેમના ઉપર તેઓ ખોરાકની માફક પોષણ મેળવે છે. અને એટલે, તે ક્ષણે, મૃત્યુના આઘાતમાંથી — કારણ કે ઘણા ઓછા આઘાત વગર મૃત્યુ પામે છે, સચેતન રીતે અને સજ્ઞાન રીતે પોતાના શરીરમાંથી બહાર નીકળી શકે છે. આવા માણસો કાંઈ બહુ હોતા નથી — આ એક અકસ્માત હોય છે; છેલ્લો અકસ્માત. વારુ આ મૃત્યુના આઘાત સમયે તે બધાં સત્ત્વો આ વસ્તુ ઉપર ધસી આવે છે અને જે જીવન-સત્ત્વો બહાર આવે છે તેના ઉપર ભોજન ઉડાવે છે. જ્યાં સુધી માણસ જીવંત હોય છે ત્યાં સુધી તેનો તેઓ સ્પર્શ કરી શકતા નથી. કારણ કે તમને બધાંને રાત્રીના ભીષણ ઓથારનો અનુભવ થયો હશે કે જ્યારે પરિસ્થિતિ બહુ વિકટ બને છે ત્યારે તમે તમારા શરીરમાં પાછા ધસી જાઓ છો, કારણ કે શરીર તમારું રક્ષણ છે. સૂથળ શરીરમાં  તમને તેઓ કંઈ કરી શકતા નથી અને તમે જ્યારે સ્થૂલ શરીરમાંથી બહાર નીકળો (અને મેં તમને કહ્યું તે પ્રમાણે આ જોડાણ પણ ઠીક ઠીક સમય સુધી, તમે બહાર નીકળો પછી પણ રક્ષણ કરે છે) પરંતુ  જો જોડાણ તૂટી જાય અને તમે શરીરના બિલકુલ રક્ષણ વગરના હો અને જો કેટલાક વિશિષ્ટ સંજોગોનો લાભ ન મેળવી શકો, દા.ત. જ્યારે કોઈ માણસ ઉપર બીજા જીવંત માનવીનો અતિશય પ્રેમ હોય; અથવા તે ક્ષણે જે માણસો તેને ચાહતા હોય તેઓ મૃત્યુ પામતા માણસ ઉપર તેમના વિચારો અને પ્રેમ કેન્દ્રિત કરે ત્યારે તે મૃતકને તેનાથી રક્ષણ મળે છે. અને આ વસ્તુ તે વ્યક્તિને તે સત્ત્વોમાંથી પૂરેપૂરું રક્ષણ આપે છે; પરંતુ જે વ્યક્તિ પર બીજા કોઈની વિશિષ્ટ આસક્તિ ન હોય તેવી વ્યક્તિ મૃત્યુ પામે, એટલે કે તે એવા માણસોથી વીંટાયેલો હોય જેમનું તેણે નુકસાન કર્યું હોય અને તેઓ તેને ચાહતા ન હોય, અથવા એવા લોકો જેઓ ભયંકર રીતની અચેતન અવસ્થામાં હોય તો આવી મૃત્યુ પામતી વ્યક્તિ આ પ્રકારનાં સત્ત્વોને સોંપાયેલો શિકાર જેવી હોય છે. આ અનુભવ ખરેખર સહન કરવો બહુ મુશ્કેલ હોય છે.

*

ચોક્કસ, આ સામાન્ય નિયમ છે. હવે કેટલાક પુલો હોય છે જાણે કે ''રક્ષિત માર્ગો'', પ્રાણ જગતમાં બધાં જોખમોને પાર કરવા માટે બંધાયેલા હોય છે. કેટલાંક એવાં વાતાવરણો હોય છે જે શરીર છોડનારા માણસોનો સ્વીકાર કરે છે, તેમને રક્ષણ આપે છે, આશ્રય આપે છે. બીજી પણ જુદી જુદી જાતની પરિસ્થિતિઓ હોય છે; મેં તમને જે હાલ કહ્યું તે મૃત્યુ પામનારા માણસો માટેની સામાન્ય અવસ્થા હોય છે, પણ જ્યારે આપણે ઉચ્ચતર પ્રકારના માનવો વિશે વાત કરીએ ત્યારે તેઓની પરિસ્થિતિઓ બદલાઈ જાય છે. આપણા સ્વરૂપમાં કોઈ વિશિષ્ટ ઉચ્ચતર વિકાસ થયેલો ન હોય તો પહેલાં કહ્યો તે સામાન્ય નિયમ પ્રવર્તે  છે. કેટલાક લોકોમાં તેમના સમગ્ર સ્વરૂપમાં એક એવા પ્રકારનું સમગ્ર સંગઠન હોય છે કે તેઓ શરીર ઉપર આધાર

રાખતા જ નથી — બિલકુલ નહિ — પછી તે શરીર ત્યાં તેના પ્રદેશમાં હોય કે ન હોય.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૫૫થી ૫૭)

*

## મૃત્યુ પછી આપણી સત્‌તાની ગતિ

મૃત્યુ પછીની તમારી સત્‌તાની ગતિનો આધાર અહીં પ્રાણનું રૂપાંતર થયું છે કે નહીં તેના પર છે. જો તમે માત્ર અવ્યવસ્થિત પ્રવૃત્તિઓનું એક મિશ્રણ હશો તો, જ્યારે ચેતના દૂર ચાલી જતી હોય છે તેવા મૃત્યુને સમયે તમારામાં રહેલી ભિન્ન ભિન્ન વ્યક્તિતાઓ છૂટી પડી જશે, પોતપોતાને યોગ્ય પરિસ્થિતિને શોધવા આમતેમ ધસારો કરશે. એકાદ ભાગ પોતાને હળતીમળતી કોઈ વ્યક્તિમાં પ્રવેશશે, બીજો ભાગ કોઈ પ્રાણીમાં પણ પ્રવેશે અને જે ભાગ દિવ્ય હાજરીમાં જીવંત રહ્યો હશે તે કેન્દ્રસ્થ ચૈત્ય પુરુષને વળગી રહેશે. પરંતુ જો તમે સુવ્યવસ્થિત હશો, એકમાત્ર વ્યક્તિત્વમાં પરિવર્તન પામ્યા હશો અને જો તમે ઉત્ક્રાન્તિના લક્ષ્ય ભણી જવા કટીબદ્ધ હશો તો તમે મૃત્યુ  પછી સચેત રહેશો, તમારું સાતત્ય જળવાઈ રહેશે.

*

તમારે જાણવાની ઇચ્છા છે કે પોતાનાં શરીરનો વિલય થયા પછી સઘળા મનુષ્યો પોતપોતાની વિશિષ્ટ ઓળખ રાખે છે કે નહીં. વારુ, એને વિશે આમ કહી શકાય. સામાન્ય પ્રકારના માણસો પોતાનાં શરીરોની સાથે એટલું નિકટનું તાદાત્મ્ય રાખતા હોય છે કે જ્યારે તેમનો દેહ છૂટી જાય છે ત્યારે તેમનું કશું જ પુનર્જીવન પામતું નથી. બિલકુલ રહેતું નથી એમ કહેતી નથી, — પ્રાણિક અને માનસિક પદાર્થ હંમેશાં રહે છે, પણ એ કાંઈ દૈહિક વ્યક્તિત્વની સાથે એક હોતાં નથી. જે કાંઈ રહે છે તેના પર બાહ્ય વ્યક્તિત્વની સ્પષ્ટ છાપ નથી હોતી. કારણ કે, તેમનું બાહ્ય વ્યક્તિત્વ વૃત્તિઓ અને ઇચ્છાઓનો ખીચડો હોવામાં સંતુષ્ટ જણાતું હતું. શરીરનાં કાર્યોનાં સંલગ્નતા અને સંયોજનને લઈને એક કામચલાઉ જૈવ એકતા સ્થપાય છે અને જ્યારે આ કાર્યો બંધ થાય છે ત્યારે તેમની છદ્મયુક્ત એકતા પણ સ્વાભાવિક રીતે સમાપ્ત થાય છે. એ તો જો જુદા જુદા અવયવો પર માનસિક નિયંત્રણ લાદવામાં આવ્યું હોય અને જો એક સમાન આદર્શનું અનુસેવન કરવાની ફરજ પાડવામાં આવી હોય, તો એક અસલી વ્યક્તિત્વ જેવું કાંઈક બની શકે, જે પોતાના પાર્થિવ જીવનની સ્મૃતિ રાખતું હોય, અને આમ તે જાગ્રતભાવે પુનર્જીવિત થાય. કલાકાર, તત્ત્વજ્ઞાની અને બીજા વિકસિત મનુષ્યો જેમણે પોતાની પ્રાણિક સત્‌તાને સુવ્યવસ્થિત, વિશિષ્ટ વ્યક્તિત્વસંપન્ન અને રૂપાંતરિત કરી હોય તેઓ પુનર્જીવિત થયા ગણી શકાય. કારણ કે, તેઓએ પોતાની બાહ્ય ચેતનામાં ચૈત્ય સત્તાની છાયા આણી હોય છે અને તે પોતાના સ્વભાવે કરીને અમર હોય છે, અને જેનું લક્ષ્ય કેન્દ્રસ્થ દિવ્ય ઇચ્છાશક્તિની આસપાસ સત્‌તાને પ્રગતિશીલ રીતે ઘડવાનું હોય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૧૫૮થી ૧૬૦)

**બાળક :** મૃત્યુ પછી પ્રાણનું શું થાય છે ?

**શ્રી માતાજી :** એનું વિઘટન થઈ જાય છે. એમ ન બને તેવા પ્રસંગો વિરલ હોય છે. પરંતુ જો તમારામાં કોઈ ખૂબ ઉગ્ર વાસના હોય, જો કોઈ રૂઢ આવેગોને કારણે તમારા સ્વરૂપમાં ભાગલા પડી ગયા હોય છે તો તમારું પ્રાણમય સ્વરૂપ નાના નાના ટુકડાઓમાં વહેંચાઈ જાય છે. એક પ્રવાહી કે વરાળની જેમ ઊડી જવાને બદલે તે કકડે કકડે કરીને જાય છે. આવા પ્રાણમય પદાર્થના દરેક ટુકડા એમની કેન્દ્રસ્થ કામનાની, મધ્યવર્તી લાલસાની, કેન્દ્રસ્થ આવેગની આસપાસ ગોઠવાઈ જાય છે. અને એમાંથી પછી એવાં સત્ત્વો પેદા થાય છે જેને માનવ જેવું રૂપ નથી હોતું. છતાં કેટલીક વાર એ વસ્તુ એક અનિશ્ચિત પ્રકારનું રૂપ ધારણ કરે છે. કેટલીક વાર એ સત્ત્વોનો આકાર, જે સ્વરૂપના તે ટુકડાઓ હોય છે, તેને મળતો હોય છે તો કેટલીક વાર જે કામનાને તે પ્રગટ કરતાં હોય છે તેને અનુરૂપ આકારવાળાં હોય છે. અને સ્વાભાવિકપણે એમનો એકમાત્ર હેતુ તેમની કામના કે લાલસાની તૃપ્તિ કરવાનો હોય છે. એટલે તેઓ દરેક સ્થળે પોતાનો સ્વાર્થ સંતોષવાનાં સાધનો ખોળતાં ફરે છે.

ઉદાહરણરૂપે, પોતાના ધન પ્રત્યે લોલુપતાવાળા એક કંજુસનો આપણે દાખલો લઈએ. એનું મરણ થાય છે. એનું પ્રાણમય સ્વરૂપ ઓગળી જાય છે પણ પોતાના પૈસા માટેની એની લોલુપતા જીવતી રહે છે. એ વ્યક્તિ પ્રાણમય જગતમાં એક જીવંત અને સભાન સ્વરૂપ ધારણ કરવા માટે કેટલાંક તત્ત્વો પોતાની આસપાસ એકઠાં કરે છે. જો આ માણસે પોતાના જીવન દરમિયાન કોઈક જગાએ પોતાનો ખજાનો સંતાડી રાખ્યો હશે તો એ સત્ત્વ, જાણે એનું રક્ષણ કરવાનું હોય અને લોકોને તે ખજાનાની પાસે ન આવવા દેવાં હોય તેમ બરાબર એ જગ્યાની ઉપર જ પોતાનું સ્થાન જમાવે છે. પરંતુ કેટલાક લોકો સૂક્ષ્મગ્રાહી હોય છે, અને જ્યારે તેમને ખબર પડે છે કે કોઈ જગ્યાએ ખજાઓ સંતાડેલો છે ત્યારે તેની હાજરીનું સંવેદન અનુભવે છે અને કહે છે, 'અહીં ખજાનો છે.' આ એનું પ્રથમ પરિણામ હોય છે. બીજું પરિણામ એ આવે છે કે પેલું સત્ત્વ પોતાના ખજાનાને કોઈ અડે નહિ તેવી ઇચ્છા ધરાવતું હોવાને કારણે તેના રક્ષણ માટે હંમેશાં કોઈ વિપત્તિ આણે છે. જે લોકો એની સમીપમાં જાય છે તેમને તે કાં તો માંદા પાડી દે છે કે તેમને માટે કોઈ અકસ્માત ખડો કરે છે, અથવા કોઈ હત્યાનો પ્રસંગ એ ઊભો કરે છે; એને માટે ગમે તે રસ્તો હોય તે સારો જ હોય છે; અને ત્યાં પાસે જનાર વ્યક્તિ જો વધુ પડતી સંવેદનશીલ હોય તો એને તે સત્ત્વ એવી તો ડરાવી મૂકે છે કે તે પાગલ થઈ જાય છે.

પેલી અધમ કામવાસનામાંથી ઉત્પન્ન થયાં હોય તેવાં અસંખ્ય નાનાં નાનાં, તદ્દન જુગુપ્સાપ્રેરક સત્ત્વોના અસ્તિત્વનું પ્રમાણ ઘણું છે. જો આ કામના (એને અનુરૂપ સત્ત્વો સાથે) મરણ સમયે ઓગળી ગઈ નથી હોતી તો, આ સત્ત્વનું અસ્તિત્વ બન્યું રહે છે અને સંવેદનશીલ માણસોની આસપાસના વાતાવરણમાં પહોંચી જઈને તેમને ઉશ્કેરવા, તેમને ઘોંચપરોણો કરવા પ્રયત્ન કરે છે. જાતીય ક્રિયા વખતે ઉત્પન્ન થતી પ્રાણમય શક્તિ આ સત્ત્વોનું ભોજન હોય છે અને કુદરતી રીતે, પોતાને બને તેટલો વધુ આહાર મળે તેની જ તેમને કામના હોય છે. આ

પ્રકારનાં ડઝનબંધ સત્ત્વોથી વીંટળાયેલા માણસો પણ મેં જોયેલા છે. એ એક ઘણી સઘન વસ્તુ છે.... (શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : ૨૧૭થી ૧૯)

*

## અપવાદરૂપ કિસ્સાઓ

એ તો જ્યારે તમે આખી જીંદગી કોઈ પ્રકારની યોગ સાધનામાં ગાળી હોય અને પ્રાણમય સ્વરૂપ અને મનોમય સ્વરૂપને એક વ્યક્તિત્વ અર્પવાની, તેમને તમારા ચૈત્યપુરુષની આસપાસ ગોઠવવાની ખાસ કાળજી રાખી હોય છે ત્યારે તેઓ ટકી રહી શકે છે — એવું દસ લાખ પ્રસંગોમાંથી એકાદની બાબતમાં જ બને છે, એમ બનવું ખૂબ અસામાન્ય હોય છે. ઉદાહરણ તરીકે એક એવા તત્ત્વચિંતક કે લેખકનો દાખલો લો જેણે તેના મગજમાં ઠીક ઠીક પ્રમાણમાં કાર્ય કર્યું હોય. તેને વ્યવસ્થિત રીતે કાર્ય કરતું કરવા પ્રયત્ન કર્યો હોય; તો એ ટકી રહે છે. પરંતુ એમાં પણ જે વસ્તુ ટકી રહેતી હોય છે તે કેવળ ચિંતનની શક્તિ માત્ર, બીજું કંઈ નહીં. ચિંતનની આવી સ્વતંત્ર શક્તિઓ હોય છે, જે વ્યક્તિના મૃત્યુ પછી ટકી રહે છે અને સ્વાભાવિક રીતે તે પોતાની અભિવ્યક્તિ માટે બીજા કોઈ ભૌતિક મગજની શોધ કરવા પ્રયત્ન કરે છે. કોઈ મહાન ચિંતકનું મન આ પ્રમાણે બીજી જીવંત વ્યક્તિના મન સાથે તાદાત્મ્ય સાધીને પોતાની અભિવ્યક્તિ કરી શકે છે.

પ્રાણમય દૃષ્ટિબિંદુથી જોતાં, કોઈ એવા મહાન સંગીતકારનો દાખલો લો જેણે પોતાના આખા જીવન દરમિયાન પોતાના બાહ્ય સ્વરૂપને સંગીત પ્રગટ કરવાના એક સુંદર સાધન તરીકે કેળવવા પ્રયત્ન કર્યો હોય. એણે એના શરીરની આ પ્રાણમય શક્તિને, સંગીત પ્રગટ કરવા સારુ સંગઠિત કરી હોય છે. તો પછી, દાખલા તરીકે, એના હાથમાં સંગીત પ્રગટ કરવાની ક્ષમતાને કારણે એટલી બધી શક્તિ આવેલી હોય છે કે મૃત્યુ પછી પણ તે સૂક્ષ્મ સ્વરૂપે ટકી રહી શકે છે. એમનો આકાર સચવાઈ રહે છે. મૂળ ભૌતિક રૂપમાં જેવો આકાર હોય છે, તેવો જ તે હોય છે. તે પ્રાણમય જગતમાં તરતા રહે છે અને જે માણસોમાં મૃત માનવીના જેવી શક્તિઓ હોય છે તેમનાથી તેઓ આકર્ષાય છે; તેઓ તેમની સાથે તાદાત્મ્ય સાધવા પ્રયત્ન કરે છે. જો કોઈ માણસ યોગ્ય પ્રમાણમાં સંવેદનશીલ હોય, જરૂરી ગ્રહણશીલતા ધરાવતો હોય, તો એ સૂક્ષ્મ હાથ સાથે એકતા સાધી શકે છે અને અદ્ભુત રચનાઓ બનાવી શકે છે અને એ હાથના ભૂતકાળના વ્યક્તિત્વનો લાભ લઈ શકે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : ૨૨૨થી ૨૩)

*

## પ્રત્યેક અંશ એના પોતાના વિશ્વમાં વિખેરાઈ જતો હોય છે

ધારો કે તમે અનેક કામના, આવેશો અને શીઘ્રવૃત્તિઓથી ભરપૂર જીવન ગાળતા હશો તો તમે તમારી અંદર અગ્રભાગે રહેલા પ્રાણમય સ્વરૂપ સાથે જીવતા હશો; પરંતુ જો તમે કોઈ આધ્યાત્મિક સાધના કરતા હશો, તમારામાં અત્યંત મંગળ કામના હશે, તમારામાં શુભેચ્છા હશે, નિઃસ્વાર્થીપણું હશે, પ્રગતિ કરવાનો સંકલ્પ હશે તો પછી તમે તમારી અંદર અગ્રભાગે રહેલા

ચૈત્ય સ્વરૂપમાં જીવન ધારણ કરી રહ્યા હશો. અને પછી જ્યારે તમે દેહ છોડવાની તૈયારીમાં હશો ત્યારે આ બધાં સ્વરૂપો વિખૂટાં પડવા લાગશે અથવા તો તમે ખૂબ આગળ વધેલા યોગી હશો, અને તમે તમારા દિવ્ય કેન્દ્રની આસપાસ પોતાના જીવનને એકત્ર કર્યું હશે તો જ સ્વરૂપના આ બીજા બધા ભાગો એકબીજા સાથે સંકળાયેલા રહેશે. જો તમે તમારા જીવનકાળ દરમ્યાન તમારા સ્વરૂપના ભાગોની એ રીતની એકતા નહિ સિદ્ધ કરી હોય, તો પછી તમારા મરણના સમયે એ બધું વિખૂટું પડી જશે : દરેક ભાગ પોતપોતાની ભૂમિકામાં પાછો ફરી જશે. ઉદાહરણ તરીકે, પ્રાણમય સ્વરૂપની બાબતમાં કહીએ તો તેમાં રહેલી તમારી સર્વે કામનાઓ જુદી પડી જાય છે અને તે દરેક પોતપોતાની તૃપ્તિ માટે, તદ્દન સ્વતંત્રપણે દોડી જાય છે, કારણ કે તેમને એકસાથે બાંધી રાખનાર સ્થૂલદેહ પછી હોતો નથી, પરંતુ જો તમે તમારી ચેતનાને ચૈતસિક ચેતના સાથે એક કરી હશે તો પછી, જ્યારે તમે મૃત્યુ પામશો ત્યારે તમે તમારા ચૈત્ય સ્વરૂપ વિશે સભાન રહેશો અને એ ચૈત્ય સ્વરૂપ તેના ચૈત્ય જગત પ્રત્યે પાછું વળશે. એ ચૈત્ય જગત તે આનંદ, આહ્‌લાદ, શાંતિ, સ્થિરતા અને વિકાસશીલ જ્ઞાનની ભૂમિકા છે. પછી, જો તમને યોગ્ય લાગે અને  તમે એને સ્વર્ગ કહો તો એ વાત બરાબર છે કારણ કે હકીકતમાં , તમે તમારા ચૈત્ય સ્વરૂપ વિશે કેટલા પ્રમાણમાં સભાન રહો છો એ વસ્તુ તમે એની સાથે કેટલા પ્રમાણમાં એકતા કરેલી છે તે બતાવી આપે છે. જો તમે એની .સાથે એકતા કરી હશે તો એ સ્વરૂપ અમર હોઈ તેના અમરધામ પ્રત્યે જાય છે અને ત્યાં આરામ અને પૂર્ણસુખનું જીવન ગાળે છે. જો તમારે એને સ્વર્ગ કહેવું હોય તો સ્વર્ગ કહી શકો છો. જો તમે સારા હશો, તમે તમારા ચૈત્ય સ્વરૂપ વિશે સભાન હશો અને તેની અંદર જ નિવાસ કરતા હશો, તો પછી જ્યારે તમારો દેહ મૃત્યુ પામશે ત્યારે તમે તમારા ચૈત્ય સ્વરૂપની સાથે સાથે ચૈત્ય ભૂમિકામાં, આનંદપૂર્ણ અવસ્થામાં આરામ લેવા જશો.

પરંતુ જો તમે તમારા પ્રાણમય સ્વરૂપમાં તેના સર્વ રીતના આવેગો સાથે જીવ્યા હશો અને એ દરેક આવેગ પોતાની જ્યાં અને ત્યાં તૃપ્તિ ખોળતો હશે....વસ્તુની આકૃતિનો (દેહનો) એક આત્મા હોય છે : તમારા દેહનો પણ એક આત્મા હોય છે જે તમારા મૃત્યુ પછી સાત દિવસ સુધી ટકી રહે છે. ડૉક્ટરો જાહેર કરે છે કે તમે મરણ પામ્યા છો, પરંતુ તમારા દેહનો આત્મા જીવતો હોય છે, અને એ કેવળ જીવંત હોય છે એટલું જ નહિ પણ ઘણા કિસ્સાઓમાં તો સભાન પણ હોય છે. પરંતુ એ વસ્તુ સાત-આઠ દિવસ ચાલે છે અને પછીથી એ વિશીર્ણ થઈ જાય છે. હું યોગીઓની વાત કરતી નથી; હું તો સામાન્ય લોકોની વાત કરું છું. યોગીઓને માટે કોઈ નિયમો હોતા નથી, એ વસ્તુ જુદી છે; એમને માટે દુનિયા જુદી વસ્તુ હોય છે. હું સામાન્ય જીવન ગાળતા સામાન્ય લોકની વાત કરું છું; એમને માટે એ વસ્તુ એવી હોય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૨૩૪થી ૨૩૬)

*

## જાદુગરો અને ગૂઢવિદ્દોની મૃત્યુ પછીની અવસ્થા

**મધુર માતાજી, મેં એમ સાંભળ્યું છે કે, પોતાના કામ માટે રહસ્યમય શક્તિઓનો ઉપયોગ કરનાર જાદુગરોને મૃત્યુ પછી બહુ સહન કરવું પડે છે. શું એ સાચું છે ?**

તમે કયા પ્રકારના જાદુગરો વિશે વાત કરો છો ? ગમે તે પ્રકારના ?

રહસ્યમય શક્તિઓવાળા જે જાદુગરો જાદુનો ઉપયોગ અંગત હેતુ માટે કરે છે તેમને વિશે ? તમારો કહેવાનો એ અર્થ છે ?

હા.

મૃત્યુ પછી તેઓ દુઃખ પામે છે અથવા પોતાની ચેતના ગુમાવી દે છે કે નહિ, તે હું જાણતી નથી; પણ એટલી વાત ચોક્કસ છે કે, તેઓ શાન્તિની કે સુખની સ્થિતિમાં નથી હોતા. કારણકે, આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી જોતાં એ એક પ્રકારનો ચોક્કસ નિયમ છે કે, આંતર સાધના વડે અને ભગવાનને સમર્પણ કરવા વડે શક્તિઓ તમારી પાસે આવે છે, પણ જો તમારી અભીપ્સા સાથે, સાધના સાથે, સમર્પણ સાથે કોઈ મહત્ત્વાકાંક્ષા સંમિશ્રિત થઈ ગઈ હોય, તો જે શક્તિઓ તમને પ્રાપ્ત થાય છે તે એક શાપરૂપ બની જાય છે. મોટે ભાગે તો તમને પ્રાપ્ત થતી જ નથી, પણ તેમનું અનુકરણ કરતું, અમુક પ્રાણિક, તત્ત્વ વિરોધી અસરો સાથે આવતું હોય છે, જે તમને સંપૂર્ણપણે એવાં સત્ત્વોના અંકુશ હેઠળ મૂકી દે છે કે જેઓ માત્ર તમારો ઉપયોગ કરવા ખાતર જ તમને શક્તિઓ આપે છે, અને જેમનો આશય પોતાનું કામ તમારી પાસે કરાવી લેવાની હોય છે. પોતે જે ગેરવ્યવસ્થા પેદા કરવા ઇચ્છતાં હોય છે તે તમારી મારફતે તેઓ કરાવી લે છે. જ્યારે તેમને એમ લાગે છે કે તમે તેમની જરૂરી સેવા કરી લીધી છે અને હવે તમારો કશો ઉપયોગ નથી, ત્યારે તે સત્ત્વો તમારો વિનાશ કરે છે. શારીરિક રીતે તેઓ તમારો વિનાશ કરવા સમર્થ ન બને, કારણ કે તેમ કરવાની શક્તિ તેમનામાં હંમેશાં હોતી નથી. પણ તેઓ માનસિક રીતે, પ્રાણિક રીતે, અને તમારી ચેતનામાં તમારો વિનાશ કરે છે અને ત્યાર પછી તમે મરતા પહેલાં પણ નકામા બની જાઓ છો. મૃત્યુ પછી તમે સમગ્રપણે તેમ અસર હેઠળ હો છો એટલે પ્રથમ તો તેઓ તમને ગળી જાય છે, કારણકે તેઓ આ રીતે માણસોનો ઉપયોગ કરતાં હોય છે, એટલે તે અનુભવ સુખપ્રદ તો ન જ હોઈ શકે. તે એક ખૂબ ખૂબ જોખમકારક રમત છે.

પણ સર્વત્ર, બધા ઉપદેશોમાં, બધી સાધનાઓમાં, સર્વ યુગોમાં એક જ વસ્તુ વારંવાર કહેવામાં આવી છે કે, માણસે સાધનામાં મહત્ત્વાકાંક્ષા અને અંગત સ્વાર્થ કદી ભેળવી દેવાં ન જોઈએ; નહિ તો તે મુશ્કેલીને નિમંત્રણ આપે છે. એટલે આ કોઈ અંગત કેઈસની વાત નથી; આ પ્રકારના બધા દાખલાઓનાં પરિણામો ખતરનાક હોય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : પૃ. ૨૬૬થી ૬૭)

*

## સ્વર્ગ અને નર્ક

**બાળક :** મધુર માતાજી, સવર્ગ અને નરક હોય છે ખરાં ?

**શ્રી માતાજી :** સ્વર્ગ તથા નરક સાચાં પણ છે અને ખોટાં પણ છે. એ બંનેનું અસ્તિત્વ છે પણ ખરું અને નથી પણ ખરું.

માણસનું મન નવી નવી વસ્તુઓ ઉપજાવતું રહે છે. એ મન માનસિક રીતના તથા પ્રાણમય રીતના તત્ત્વને તેમ જ સૂક્ષ્મ સ્થૂલ તત્ત્વને પણ ઠીક ઠીક ટકી રહે તેવાં રૂપો આપે છે. આ રૂપો સાચી વાસ્તવિક્તાઓ નથી હોતાં, આભાસો હોય છે. પણ જે લોકો એ રૂપોનો વિચાર કરતા રહે છે, અને એથીયે વિશેષ તો જેઓ એ રૂપોમાં શ્રદ્ધા રાખે છે એમને માટે તો તે એક ઠીક ઠીક નક્કર અસ્તિત્વવાળી વસ્તુઓ બની રહે છે અને એમને વાસ્તવિક્તાનો આભાસ પણ મળી રહે છે. વળી કેટલાક ધર્મો નરક તથા સ્વર્ગના અસ્તિત્વની, અથવા તો જુદાં જુદાં સ્વર્ગોના અસ્તિત્વની વાતો ભારપૂર્વક કરતા રહે છે અને એ ધર્મમાં માનનારા લોકો માટે આ બધી જગાઓ વસ્તુ રૂપે અસ્તિત્વમાં હોય છે પણ ખરી અને તેઓ મૃત્યુ પછી ત્યાં જઈને થોડો વખત રહી શકે છે પણ ખરા. પણ આ બધી મનોમય સૃષ્ટિઓ હોય છે, એમને કોઈ સ્થાયી અસ્તિત્વ હોતું નથી, એમનામાં કોઈ શાશ્વત વાસ્તવિકતા નથી હોતી.

તમે તમારામાં પ્રભુ સાથેના આનંદમય વ્યવહારનું એક સ્વર્ગ ઊભું કરી શકો છો. અને આવી જ રીતે, તમારી પ્રકૃતિમાં રહેલી આસુરિક વૃત્તિઓ ઉપર જો તમે કાળજીપૂર્વક કાબૂ નહિ મેળવી લો તો તમે તમારી ચેતનામાં દુઃખ અને વેદનાનું એક નરક પણ ઊભું કરી દઈ શકો છો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : પૃ. ૬૯થી ૭૦)

*

*પ્રત્યેક સ્વરૂપમાં એ દિવ્ય તણખો – આત્મા – આરંભથી જ હોય છે – પરંતુ એ સભાન અભિવ્યક્તિ કરે તથા આવિર્ભાવ પામેલ સ્વરૂપનો આકાર ધારણ કરે – આપણે જેને ચૈત્યપુરુષ તરીકે ઓળખીએ છીએ – એ રૂપે પ્રકટ થાય એને માટે લાંબો સમય લાગી જાય છે તેમ જ તે ઉત્ક્રાંતિની લાંબી પ્રક્રિયા માગી લે છે.*

(CWSA 28 : 117)



શ્રી અરવિંદનો દેહત્યાગ ૦૫.૧૨.૧૯૫૦

# મૃત્યુ બાદ શું ટકી રહેતું હોય છે ?

## ચૈત્ય પુરુષ મૃત્યુ બાદ ટકી રહે છે

મનુષ્યના મૃત્યુ પછી પણ તેનો જે અંશ ટકી રહે છે તે આ ચૈત્ય પુરુષ છે. કારણ કે એ આપણા 'હું'નું સનાતન સ્વરૂપ છે. એ ચૈત્ય પુરુષ જ ચેતનાને જન્મજન્માંતરોમાં થઈને આગળ લઈ જાય છે.

તમારી અંદર રહેલા પ્રભુના સત્ય અને દિવ્ય અંશનું ખરું વ્યક્તિત્વ છે તે આ ચૈત્ય પુરુષ છે. કારણ કે તમારું વ્યક્તિત્વ એટલે તમારી અભિવ્યક્તિનો એક વિશિષ્ટ પ્રકાર અને તમારો ચૈત્ય પુરુષ એટલે તમારામાં મૂર્ત થયેલ દિવ્ય ચેતનાનું એક વિશિષ્ટ સ્વરૂપ. પરંતુ આ ચૈત્ય પુરુષમાં, તમારી પ્રકૃતિના બીજા ભાગોમાં વ્યષ્ટિ અને સમષ્ટિ વચ્ચે હોય છે તેવો ભેદ હોતો નથી. તમને ત્યાં આગળ સમજાય છે કે તમારું વ્યક્તિત્વ એટલે તમારો પોતાનો એક વિશિષ્ટ પ્રકારનો આવિર્ભાવ. પરંતુ સાથે સાથે તમે એ પણ જાણો છો કે એ આવિર્ભાવમાં પેલી દ્વૈતાતીત વિશ્વચેતના પોતે જ સાકાર થઈ રહેલી છે. જાણે કે તમારી પોતાની અંદરથી જ એક અંશ લઈને તમે તમારી સમક્ષ મૂક્યો હોય અને એ બે અંશો અન્યોન્યને જોઈ રહ્યા હોય, એકબીજા સાથે લીલા કરી રહ્યા હોય તેના જેવું એ છે. ચેતનાને ભિન્ન ભિન્ન રૂપોમાં મૂર્ત કરી, તેમની વચ્ચે સંબંધો રચવા માટે તથા તેમનો આનંદ લેવા માટે આવા દ્વૈતની જરૂર હતી. પરંતુ તમારા ચૈત્ય પુરુષમાં જઈને જોતાં સર્વ વસ્તુઓને એકબીજાથી જુદી પાડનાર ભેદભાવ તમને એક ભ્રમ, કેવળ આભાસ રૂપ જ જણાય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : પૃ. ૬૮થી ૬૯)

*

## કેન્દ્રસ્થ પુરુષ અને ચૈત્ય પુરુષ

આપણે કહ્યું કે કેન્દ્રિય અસ્તિત્વ અને ચૈત્યિક અસ્તિત્વ એક જ વસ્તુ છે, પણ તેનો જે ભાગ રહે છે અને ભગવાનમાં હોય છે, તે રહે છે અને ભગવાનમાં રહે છે. ચૈત્યિક એ પૃથ્વીની વૃદ્ધિ માટે પાર્થિવ જીવનમાં રહેલો ભગવાનનો પ્રતિનિધિ છે. પણ ભગવાન સાથે તાદાત્મ્ય પામેલા કેન્દ્રિય અસ્તિત્વનો ભાગ ભગવાન સાથેના તાદાત્મ્યમાં રહે છે, તેમાં કશું પરિવર્તન થતું નથી. જીવન દરમિયાન પણ તે ભગવાન સાથે તાદાત્મ્યમાં છે, અને મૃત્યુ પછી તે જીવનમાં હતું તેવું જ રહે છે; તેને માટે જીવન-મરણ વચ્ચે કોઈ ભેદ નથી. ચૈત્યિક અસ્તિત્વને અનુભવનાં પરિવર્તનો અને આત્મસાત્કરણ, અનુભવ અને આત્મસાત્કરણ આવતાં રહે છે. પણ જીવાત્મા ભગવાનમાં છે અને ભગવાનમાં રહે છે, તે ત્યાંથી વિચલિત થતો નથી; તેને પ્રગતિ કરવાની હોતી નથી. તે ભગવાનમાં છે, ભગવાન સાથે તાદાત્મ્યમાં છે, તે ભગવાન સાથે તાદાત્મ્યમાં જ રહે છે. ભગવાનથી જુદો પડતો નથી. પાર્થિવ દેહ હોય કે ન હોય, તેથી તેનામાં કોઈ ભેદ પડતો નથી.

**તો પછી હે મધુર માતાજી, શું દરેક જણનું કેન્દ્રિય અસ્તિત્વ એક જ હોય છે ?**

ના, કારણ કે આપણને કહેવામાં આવ્યું છે કે વિવિધતામાં પણ તે ભગવાન સાથેના તાદાત્મ્યમાં જ છે. તે દરેક પ્રાણીનું સનાતન સત્ય છે. એક દૃષ્ટિબિંદુથી જોતાં, બધા જીવો એક જ ભગવાન સાથેના તાદાત્મ્યમાં છે. બીજા દૃષ્ટિબિંદુથી જોતાં, જીવો અનેક છે, કારણ કે દરેક પ્રાણીનું સત્ય એ વૈયક્તિક સત્ય છે, પણ તે ભગવાન સાથે તાદાત્મ્યમાં છે. તે આવિર્ભાવથી બહાર છે, પણ તે આવિર્ભાવનું ઉદ્‌ભવ—સ્થાન છે. તે એક—સમાનતા વગરની એકતા છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : પૃ. ૨૨૯થી ૩૦)

## પૂર્ણ વિકસીત ચૈત્ય પુરુષની વિદાય

જો આપણે શ્રેષ્ઠ દાખલો લઈએ, એવા માણસનો કે જેણે પોતામાં રહેલા ભગવાનની હાજરીની આસપાસ પોતાના અસ્તિત્વનું એકીકરણ કરેલું છે, જે માત્ર એક સંકલ્પ, એક ચેતના બની ગયો છે, તેણે પોતાના કેન્દ્રીય ચૈત્યિક અસ્તિત્વની આસપાસ પરિપૂર્ણ રીતે વિકસિત અને સંગઠિત મન એકત્રિત કર્યું હશે; સર્વ સમર્પણ કરેલું અને સહકાર આપતું પ્રાણિક એકત્રિત કર્યું હશે; અને આજ્ઞાંકિત, નમ્ર, અને ચપલ શારીરિક અસ્તિત્વ એકત્રિત કર્યું હશે. આ શારીરિક અસ્તિત્વને પૂર્ણ વિકસિત હોવાને કારણે, સૂક્ષ્મ શરીર હશે જેને શ્રી અરવિન્દ 'સત્ય શારીરિક' કહે છે—, જે અનંતગણી રીતે શરીરની મર્યાદાઓને વટાવી જશે અને જેનામાં એટલી બધી ચપલતા, સ્થિતિ-સ્થાપકતા અને સમતુલા હશે કે જેથી તે અસ્તિત્વના આંતર ભાગોને ચીટકી રહી શકશે અને આત્માની ગતિઓને અનુસરી શકશે — હું આરોહણમાં કહેવા માગતી નથી, પણ શરીરની બહારની મુસાફરીઓમાં. જીવાત્મા શું કરશે, ક્યાં જશે તેનો આધાર શરીર છોડતાં પહેલાં તેણે જે નિર્ણય કર્યો હશે તેના પર છે. તેના શારીરિક જીવનમાં પૂર્ણ રીતે સંગઠિત અને એકત્રિત કરાયેલા અસ્તિત્વને પોતાની આસપાસ રાખવાની આ શક્તિ તેને મરજી મુજબ કાર્ય કરવાની — સાચી રીતે પસંદગી કરવાની છૂટ આપશે. આ પણ એક શક્યતાઓના એક તદ્દન ભિન્ન ક્ષેત્રની વાત છે — સચેતનપણે એક શરીરમાંથી બીજા શરીરમાં સીધી રીતે જવાની. એવા દાખલાઓ છે, જેમાં આ રીતે પૂર્ણ સચેતન અને વિકસિત પ્રાણીઓમાંના એકે બીજા પ્રાણીને ધીમે ધીમે તૈયાર કર્યું છે, તેને પોતાને ઝીલીને આત્મસાત્-કરણ કરવા સમર્થ બનાવ્યું છે; શરીરનો ત્યાગ કરતી વખતે પોતાનું કાર્ય અટકી ન પડે તેટલા માટે તે બીજા ચૈત્યિક અસ્તિત્વ પાસે જાય છે, તેમાં વિલીન બની જાય છે, બીજા શારીરિક દેહમાં તેની સાથે સંયુક્ત થાય છે. આ કિસ્સો ખૂબ ખૂબ વિરલ, છેલ્લી હદનો હોય છે, પણ પરંપરાગત ગૂઢવાદી જ્ઞાનનો તે એક ભાગ છે. બીજા છેડાના દાખલામાં, જીવાત્મા પોતાના શારીરક અનુભવને પૂરો કરી લઈને તેનું આત્મસાત્-કરણ આરામ-પૂર્વક કરવા માગે છે અને પાછળથી બીજું શારીરિક અસ્તિત્વ તૈયાર કરવા માગે છે — કેટલીક વાર બહુ સમય પછી એટલે ઘણી શક્યતાઓમાં આમ બનતું હોય છે. સૂક્ષ્મ શારીરિકમાં, પ્રાણિકમાં, માનસિકમાં — દરેક ક્ષેત્રમાં તે સુસંગત અસ્તિત્વોને છોડતો

જાય છે, તે બધાંની વચ્ચે એક સાંકળતી કડી છોડતો જાય છે, પણ દરેક અસ્તિત્વ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ જાળવી રાખતું હોય છે, અને પોતે ચૈત્યિકના જગતમાં — પ્રદેશમાં, તેની વાસ્તવિકતામાં જતો હોય છે, અને ત્યાં આત્મસાત્-કરણ માટે આનંદપૂર્ણ આરામમાં પ્રવેશતો હોય છે — ત્યાં સુધી કે જ્યારે આગળ (ઉપનિષદોમાં) વર્ણવ્યા પ્રમાણે તે પોતાનાં સુકૃત્યોને ભોગવી નાખે છે — ખતમ કરી નાખે છે, તેમને પચાવી દે છે અને નવીન અનુભવ કરવા માટે તૈયાર બને છે. પછી જો તેનું કાર્ય બરાબર કરવામાં આવ્યું હોય, જ્યારે ભિન્ન-ભિન્ન પ્રદેશોમાં તેણે છોડી રાખેલા, પોતાના અસ્તિત્વના ભાગો અથવા કોશોએ ત્યાં પોતાનું કાર્ય પૂરું કર્યું હોય છે ત્યારે એક પછી એક, પહેલાંના જન્મના જે ભાગોમાં તે રહ્યો હતો તે બધાને તે ધારણ કરે છે, અને તે જ્ઞાનની તથા અનુભવની સમૃદ્ધિને સાથે લઈને તે નવીન દેહમાં પ્રવેશવાની તૈયારી કરે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૮ : પૃ. ૩૧૩થી ૩૧૫)

## ભૂત એ આત્મા નથી

ભૂત એટલે તમે શું કહેવા માગો છો ? લોકો જે સામાન્ય અર્થમાં 'ભૂત' શબ્દનો ઉપયોગ કરે છે તેમાં હદ બહારની અગણિત સંખ્યામાં રહેલી (અને જેને એકબીજા સાથે સંબંધ હોય જ એવું અનિવાર્યપણે નથી, તેવી) દ્રશ્યમાન વસ્તુઓનો સમાવેશ થાય છે. એમાંથી થોડીક જ લઈએ :

૧. સૂક્ષ્મ શરીરમાં રહેલ કોઈ માનવ આત્મા સાથે સંબંધ થવો અને આપણા મનમાં તેની કોઈ આકૃતિની છાપ દેખાવી અથવા શબ્દ સંભળાવો.

૨. કોઈ મૃત વ્યક્તિએ રચેલું મનોમય રૂપ જેની છાપ તે વ્યક્તિના વિચારો અને લાગણીઓ સાથે કોઈ સ્થળ અથવા વિસ્તાર ઉપર લાગેલી હોય, અને જે રૂપ ત્યાં રખડ્યા કરતું હોય અથવા વારંવાર પ્રગટ થતું હોય. જ્યાં સુધી એ રૂપમાંની શક્તિ ખલાસ ન થઈ જાય અથવા એક યા બીજા કારણે તેનું વિસર્જન ન થઈ જાય ત્યાં સુધી એ અસ્તિત્વમાં રહે છે. કેટલાંક ઘર ભૂતિયા કહેવાય છે અને એ મકાનોમાં ખૂન થયું હોય તે સમયની અથવા તેની આસપાસની અથવા તેની અગાઉ બનેલી ઘટનાઓનું વારંવાર પુનરાવર્તન થાય છે તેવાં અને એવાં જ બીજાં દ્રશ્યોનો ખુલાસો આ છે.

૩. નિમ્ન પ્રાણમય ભૂમિકાના કોઈ સત્ત્વે કોઈ મૃત વ્યક્તિએ ત્યાગ કરેલ પ્રાણમય આવરણ અથવા એના પ્રાણમય સ્વરૂપના ટુકડાનો અંગીકાર કર્યો હોય અને એ વ્યક્તિની ચેતનાની સપાટી ઉપરના વિચારો અથવા સંસ્મરણો સાથે આવીને દ્દષ્ટિગોચર થાય અથવા કોઈ કાર્ય કરે.

૪. નિમ્ન પ્રાણમય ભૂમિકાનું કોઈ સત્ત્વ, કોઈ જીવતા માનવીના આધાર દ્વારા અથવા બીજા કોઈ સાધન અથવા પ્રતિનિધિ દ્વારા એટલા બધા અંશે ભૌતિક રૂપ ધારણ કરી શક્યું હોય કે નજરે જોઈ શકાય, અથવા એ નજરે કોઈ શકાય તેવું રૂપ ધારણ કરીને કોઈ કાર્ય કરે અથવા કાને સાંભળી શકાય તેવા અવાજ સાથે વાતચીત કરે, અથવા એ રીતે નજરે

દેખાયા વિના સ્થૂલ પદાર્થોને એક ઠેકાણેથી બીજે ઠેકાણે ખસેડે. દા.ત. ફરનીચર, અથવા કોઈ પદાર્થો ઉત્પન્ન કરે અને તેમને એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જાય. જેમને અવગતિયા જીવોનું (poltergeists) કાર્ય, પથ્થરો પડવાના બનાવો, ઝાડમાં વાસ કરીને રહેતાં ભૂતો અને એવી લોકોમાં જાણીતી ઘટનાઓનો ખુલાસો આમાંથી મળી રહે છે.

૫. ભૂત ભડકા થવાના બનાવો. એ વ્યક્તિના પોતાના જ મને ઘડેલાં રૂપોનું પરિણામ હોય છે અને તેમણે ઇન્દ્રિયગમ્ય રૂપ ધારણ કરેલું હોય છે.

૬. કોઈ વ્યક્તિનો પ્રાણમય સત્ત્વે થોડા સમય માટે કબજો લઈ લેવાની ઘટના. જેમાં એ સત્ત્વ કેટલીક વાર એ વ્યક્તિનાં મૃત સગાવહાલાં પૈકીનું હોવાનો ડોળ કરતું હોય છે.

૭. મરણની ક્ષણે વ્યક્તિમાં જે વિચારો ચાલી રહેલા હોય તેની પ્રતિકૃતિઓ જે તેમને પોતાને જ તે સમયે દેખાતી હોય અથવા તેમને અને તેમનાં સગાંવહાલાંને તે સમયે અથવા મરણ પછીના થોડાક કલાકો સુધી દેખાતી રહેલી હોય.

તમે જોઈ શકશો કે આ સર્વ ઘટનાઓમાં, કેવળ પ્રથમ વર્ણવેલા કિસ્સામાં જ પ્રેતાત્માની ઘટના હોવાનું નિશ્ચયપૂર્વક કહી શકાય છે અને તેમાં કોઈ મુશ્કેલી ઊભી થતી નથી. (CWSA 28 : 569 - 70)

*

અલબત્ત, ભૂત એ આત્મા નથી જ. એમાં કાં મનુષ્ય એના પ્રાણમય દેહમાં પ્રકટ થતો હોય છે અથવા મનુષ્યની પ્રાણ-શક્તિના અંશનો કોઈ પ્રાણ-શક્તિ કે પ્રાણમય સ્વરૂપ કબજો લઈ લેતું હોય છે. આપણો પ્રાણમય ભાગ શરીરના વિઘટન બાદ થોડા સમય સુધી સામાન્યતઃ અસ્તિત્વ ધરાવતો હોય છે અને પછી પ્રાણમય ભૂમિકાએ જતો રહેતો હોય છે અને પ્રાણમય આવરણ ઓગળી જાય ત્યાં સુધી એ રહેતો હોય છે. પછીથી જો એ મનોમય રીતે ઉત્ક્રાંત થયેલો હોય તો એ મનોમય આવરણમાં પ્રવેશી કોઈ મનોમય વિશ્વમાં જતો રહે છે અને છેવટે ચૈત્યપુરુષ એના મનોમય આવરણનો પણ ત્યાગ કરી દઈ પોતાના આરામ કરવાના સ્થાનમાં પહોંચી જાય છે. મનોમય સ્વરૂપ જો બળવાન હોય, સારી રીતે વિકાસ પામ્યું હોય તો આપણા સ્વરૂપનું મનોમય સ્વરૂપ ટકી રહી શકે; એ જ રીતે પ્રાણમય સ્વરૂપ પણ, જો એ બંને સ્વરૂપો સુગઠિત હોય અને સાચા ચૈત્ય સ્વરૂપની આસપાસ કેન્દ્રિત થયેલાં હોય — કારણ તે બંને ચૈત્ય પુરુષની અમરતામાં ભાગ લઈ શકે છે. અથવા તો પછી ચૈત્યપુરુષ પોતાની અંદર જ મન અને પ્રાણને સમાવી લઈ આંતર જન્મની નિશ્ચિલતામાં પહોંચી જાય છે. (CWSA 28 : 28 - 117)

# મૃત્યુનાં અનેક સ્વરૂપો

**શાન્તિપૂર્ણ મૃત્યુ : મૃત્યુ પામવું, એના વિશે અજાણ રહીને**

તમે જાણો છો કે N.S. પોતાનો દેહ છોડી ગયા હતા. એમનું મૃત્યુ અકસ્માતમાં થયું હતું... અકસ્માત જ્યારે થયો હતો ત્યારે તેઓ મારી પાસે આવ્યા હતા (એ જ સ્વરૂપે નહિ પરંતુ એક ચેતનાવસ્થા રૂપે, જે મેં તુર્ત જ જાણી લીધું હતું.) અને અહીં સ્થિરતાપૂર્વક, સંપૂર્ણ વિશ્વાસ સહિત મુદાદાયી શાન્તિમાં રહ્યા હતા. સ્વરૂપની પ્રત્યેક અવસ્થામાં નિશ્ચળ... પૂરેપૂરા નિશ્ચળ... (સમર્પણની ક્રિયા) સંપૂર્ણ, સંપૂર્ણ વિશ્વાસ : જે થવાનું છે તે થવાનું છે. જે છે, તે છે. કોઈ પ્રશ્ન નહિ, જાણવાની જરૂરિયાત પણ નહિ.

આરામદાયી શાંતિ.... જબરદસ્ત નિરાંત.

દાક્તરોએ પ્રયત્નો કર્યા, લડાઈ લડી, શસ્ત્રક્રિયા કરી. કોઈ હિલચાલ નહિ, કશું જ હાલ્યું પણ નહિ. પછી એક દિવસે એમને મૃત જાહેર કરવામાં આવ્યા.

અને સમગ્ર સમય દરમિયાન તેઓ અહીં હતા, અવિકારી. પછી મને એક પ્રકારની ધ્રુજારીનો અનુભવ થયો. મેં જોયું – તેઓ દેહ છોડી ગયા હતા. હું કાર્યમાં વ્યસ્ત હતી અને મેં સમય નોંધ્યો ન હતો. એ કદાચ બપોર પછી બન્યું હતું, મને એટલું જ યાદ છે. પછી મને જણાવવામાં આવ્યું હતું કે એમની અંતિમ ક્રિયા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને તે જ સમયે એ ક્રિયા કરી દેવામાં આવી હતી.

અકસ્માતની હિંસાએ એમને જંગલી રીતે બહિર્મુખી બનાવી દીધા હતા; પરંતુ અકસ્માત થયો ત્યારે તેઓ વિશ્વાસપૂર્વક મારું સ્મરણ કરી રહ્યા હશે. તેઓ મારી પાસે આવ્યા અને જરા પણ હાલ્યા ન હતા – એમના દેહનું શું થઈ રહ્યું છે તે તેઓ કદાપિ જાણી શક્યા જ ન હતા. એમને એ પણ ખબર ન હતી કે તેઓ મૃત્યુ પામ્યા છે.

તે જ વખતે, ત્યાં ને ત્યાં જ હું સ્વગત બોલી ઊઠી હતી :

'આ ટેવ, ઉતાવળે અંતિમ ક્રિયા કરી દેવાની ટેવ, ભયજનક રીતે ક્રૂર છે ! એમને ખબર જ ન હતી કે તેઓ મૃત્યુ પામ્યા છે અને અંતિમ ક્રિયા થવાથી જ એમને પોતાના મૃત્યુની જાણ થઈ હતી. દેહમાં રહેલા રૂપની જીવન-શક્તિના પ્રતિભાવ વડે તેઓને ખબર પડી હતી કે પોતે મૃત્યુ પામ્યા છે.

જ્યારે દેહ પૂરેપૂરી ખરાબ અવસ્થામાં હોય છે ત્યારે પણ રૂપની જીવન-શક્તિ એ દેહને છોડી જવામાં સાત દિવસનો સમય લેતી હોય છે. અને એવી કોઈ વ્યક્તિ, જે યોગનું આચરણ કરતી હોય તેની અંદર આ જીવન-શક્તિ સભાન હોય છે. તમે લોકો દાક્તર કોઈ વ્યક્તિ મૃત્યુ પામ્યાનું જાહેર કરે પછી થોડા કલાકમાં મૃતદેહને સળગાવી દો છો, પરંતુ રૂપની જીવન-શક્તિ પૂરેપૂરી સજીવ હોય છે, અને જે લોકોએ યોગનું આચરણ કર્યું હોય છે તેમનામાં એ સભાન હોય છે...

આમ તમે મૃત્યુ પામ્યા છો એવું જાણ્યા વિના પણ મૃત્યુ પામી જવું એ શક્ય છે....

અલબત્ત, હું એમ નથી કહેવા માગતી કે અંતિમ ક્રિયા ન કરવી જોઈએ; કારણ નવ્વાણુ ટકા કિસ્સામાં એ જ વસ્તુ કરી લેવી શ્રેષ્ઠ હોય છે. આમાં એકમાત્ર નિરાકરણ એ જ છે કે લોકો પ્રાજ્ઞ બને. અને તેઓ પ્રાજ્ઞ નથી હોતા.

તેઓ નિયમ, સિદ્ધાંતનો સ્વીકાર કરે છે અને પછી પોતે પ્રાજ્ઞ ન હોવાથી નિયમને અંધપણે તેઓ અનુસરે છે. (Conversations with a disciple, July 4, 1962)

*

## મૃત્યુ બાદ શ્રી માતાજીના વાતાવરણમાં રહેવું

જ્યારે L.B. ને મારી નાખવામાં આવ્યા હતા ત્યારે મારે એમના સ્વરૂપની સર્વે અવસ્થાઓ અને પ્રવૃત્તિઓને એકત્ર કરવી પડી હતી. કારણ એ સર્વ અકસ્માતની હિંસાને લીધે વિખેરાઈ ગઈ હતી. — એ ખરેખર ભયંકર હતું — તેઓ નિરાશાની દારુણ અવસ્થામાં હતા. દાક્તરો એમને પુનઃ જીવિત કરવાની આશામાં બેથી અઢી દિવસ સુધી સંઘર્ષ કરતા રહ્યા હતા. પરંતુ એ અશક્ય હતું. એ બે દિવસો દરમિયાન હું એમની સર્વ ચેતનાને એકત્રિત કરતી રહી હતી; ચેતનાનું સર્વ કંઈ. એ સર્વ એમના દેહ ઉપર હું અકત્રિત કરતી રહી હતી. તેઓ જ્યારે અહીં આવ્યા હતા અને પોતાનું ગઠન જે બિંદુ પર કર્યું હતું, તે બિંદુ પર હું સર્વ એકત્રિત કરી રહી હતી. એમાં જીવન શક્તિ એટલી તો પ્રબળ હતી; એમના દેહમાં જીવનશક્તિ એટલા પ્રમાણમાં આવી રહી હતી કે થોડા કલાકો બાદ દાક્તરોને એક તબક્કે એમ લાગ્યું હતું કે તેઓ પુનઃજીવિત થઈ શકશે. એમને બચાવી લઈ શકાશે. પરંતુ એ વધુ સમય ટકી શક્યું નહિ (એ શક્ય ન હતું — મગજનો અમુક ભાગ બહાર નીકળી આવ્યો હતો) ઠીક, જ્યારે માત્ર એમનો આત્મા જ નહિ પણ મનોમય સ્વરૂપ, પ્રાણમય સ્વરૂપ, અને બાકીનું સર્વ કંઈ યોગ્ય રીતે એકત્ર કરી લેવામાં આવ્યું હતું અને એ સર્વ એમના દેહ પર સુગઠિત કરી દેવામાં આવ્યું હતું. અને શરીર ઉપયોગ કરવા લાયક રહ્યું નથી એની ખાતરી થઈ ગઈ હતી. અને એ.... બધું ખલાસ થઈ ગયું હતું. એટલે એ સર્વે (આત્મા, મનોમય સ્વરૂપ, પ્રાણમય સ્વરૂપ....) એ દેહનો ત્યાગ કરી દીધો હતો.

હું L.B.ને મારી પાસે જ રાખી રહી હતી કારણ મને એ વિચાર આવી ગયો હતો કે મારે એમને તુર્ત જ અન્ય દેહમાં મૂકી આપવાના છે — એમનો આત્મા સંતુષ્ટ ન હતો, એણે પોતાનો અનુભવ પૂરો કર્યો ન હતો (એમાં સર્વ સંજોગો જ એ રીતે ગોઠવાયા હતા) અને એમના આત્માને પૃથ્વી ઉપર જીવન જીવવાનું ચાલુ રાખવું હતું. પછી પેલી રાત્રિએ એનું આંતર સ્વરૂપ V ને શોધવા માટે નીકળ્યું હતું. એ વિલાપ કરી રહ્યું હતું : જણાવતું હતું કે એને મરવું ન હતું; પરંતુ મૃત્યુ થઈ ગયું છે. પોતે શરીર ગુમાવી દીધું છે અને હજુ એ જીવવા માગે છે. આ સાંભળી V મૂંઝવણમાં મુકાઈ ગયા હતા અને સવારે તેમણે મને એ અંગે જણાવ્યું હતું. મેં V ને, હું જે કરી રહી હતી તે વિશે માહિતી આપી હતી. હું L.B. ને મારા વાતાવરણમાં જ રાખી રહી છું અને મેં એમને જેટલું શક્ય બને એટલું વહેલી તકે નવા શરીરમાં મૂકી આપવાનું

જણાવ્યું છે અને એમને શાન્ત રહેવા જણાવેલું જ છે, તે અંગે પણ મેં V ને જણાવ્યું હતું. — એ અંગે મારા ધ્યાનમાં કંઈક યોજના પણ હતી જ. તે જ દિવસે સાંજે L.B. ફરીથી V પાસે ગયા હતા અને ફરી એ જ ફરિયાદ કરી હતી. V એ તેમને જણાવ્યું હતું : 'માતાજીએ તમારે માટે જે નક્કી કર્યું છે તે એ જ છે. તમે શાન્ત થઈ જાઓ.' અને V એ L.B.ના મુખ પરના ભાવ નિહાળ્યા તો એમને લાગ્યું કે L.B. સમજી ગયા હતા. એ સંતુષ્ટ થઈ ગયા હતા.

પછી L.B. જતા રહ્યા હતા અને કદાપિ ફરીથી એ રીતે આવ્યા ન હતા. એટલે તેઓ શાન્તિપૂર્વક મારી પાસે રહ્યા હતા. જ્યાં સુધી મેં એમને Cના બાળક રૂપે મૂકી આપ્યા ન હતા ત્યાં સુધી એ મારી પાસે શાંતિપૂર્વક રહ્યા હતા.

(The Mother : Conversations with a disciple, June 24, 1961)

*

**મૃત્યુમાં તબક્કાવાર ગોઠવણી (અનુક્રમ)**

**પ્રશ્ન :** એટલે આત્મા શરીર છોડે છે એને લઈને એમ નથી બનતું, ખરું ને ?

આત્મા ઘણું કરીને નિશ્ચય કરે છે, એ નિશ્ચય કરે છે એવું નોંધીને કે શરીર ક્યાં એને માટે અયોગ્ય છે, અનુચિત છે, અસમર્થ છે કે અનિચ્છુક છે.... અથવા ગમે તે. પછી આત્મા એવો નિર્ણય લે કે શરીરે મૃત્યુ પામવું જોઈએ અને આત્મા જતો રહે; પરંતુ આત્મા જતો રહે એટલે શરીર મરી જાય છે એવું નથી. એવા અસંખ્ય લોકો છે, જેઓ આત્મા વિહોણા છે — એમને આત્મા હોય છે, પણ એમનો આત્મા એમના શરીરમાં નથી હોતો — અનેક લોકો એવા હોય છે. અને તેઓ એકદમ સારી રીતે જીવ્યે જતા હોય છે.

આનાથી ઊલટું, ચૈત્યપુરુષ વિહોણા જીવવું એ વધુ મુશ્કેલ હોય છે. ચૈત્યપુરુષ, અલબત્ત, એક લાક્ષણિકતા છે. — વ્યક્તિસ્વરૂપ પામેલી લાક્ષણિકતા — એ લાક્ષણિક સ્વરૂપ છે શાશ્વત આત્મા અને ક્ષણિક દેહ વચ્ચેની અવસ્થા. અને એક પછી એક જીવનમાં એ સ્વરૂપ સુગઠિત થતું રહે છે, વ્યક્તિસ્વરૂપ પામતું જાય છે, વધુને વધુ વ્યક્તિગત રીતે સભાન થતું જાય છે. ચૈત્યપુરુષ જ્યારે દેહને છોડી જાય છે ત્યારે અન્ય સર્વ એને અનુસરે છે. અને મને ઈરાદાપૂર્વક એમ કરવાનો અનુભવ થયો હતો એટલે હું જાણું છું. એમ (ચૈત્યપુરુષ દેહ છોડી જાય) કઈ રીતે કરવું તે વ્યક્તિએ જાણી લેવું જોઈએ. અને એ કરી શકાય છે. મારો ચૈત્યપુરુષ અહીં શ્રી અરવિન્દ સાથે રહ્યો હતો અને હું મારા મનોમય, પ્રાણમય, શારીરિક સ્વરૂપ સહિત અહીંથી જતી રહી હતી. એ એક નાજુક પરિસ્થિતિ હતી. પરંતુ મેં ખૂબ સભાનતાપૂર્વક સંપર્ક (ચૈત્ય પુરુષ સાથેનો) જાળવી રાખ્યો હતો. એમ કરી શકાયું હતું.

લોકો જેને 'મૃત્યુ' કહે છે.... હું એવા અનેક લોકોને જોઈ રહી છું જેઓ, મારી દૃષ્ટિએ જીવતા મૃત્યુ પામેલા જેવા છે (એ એવા લોકો છે જે ચૈત્યપુરુષ વિહોણા છે અથવા તો જે લોકો પોતાના આત્મા સાથે સંપર્કમાં નથી હોતા). પરંતુ આ જાણી શકવા માટે વ્યક્તિ પાસે

આંતર દર્શનાની શક્તિ હોવી જોઈએ. લોકો જેને 'મૃત્યુ' તરીકે ઓળખે છે એ હોય છે કોશોનું વિઘટન અને રૂપનું ઓગળી જવું; જ્યારે એકદમ સ્થૂળ ભાગ 'પ્રાણમય શક્તિનો જથ્થો', (જીવ) જે જીવન સાથેનો સંપર્ક કેળવી આપતો હોય છે — તે શરીરની બહાર નીકળી જતો હોય છે. દા.ત. પ્રાણીઓનું મૃત્યુ જે રીતે થતું હોય છે તે. અને એ 'પ્રાણમય શક્તિનો જથ્થો' ત્યારે બહાર નીકળી જતો હોય છે જ્યારે બાહ્ય સજીવ તંત્ર ટકી રહેવા સક્ષમ નથી રહેતું — દા.ત. એના (દેહના) બે ટુકડા કરી નાખવામાં આવે, અથવા તો હૃદય એમાંથી કાઢી લેવામાં આવે. અથવા કોઈ પણ રીતે શરીર સાથે કંઈક મૂલગામી ઘટના ઘટે ત્યારે. અમુક લોકોને અકસ્માત નડતો હોય છે અને એમના શરીરના ઘણા ભાગો ગુમાવાઈ ગયાં હોય છે અને છતાં તેઓ જીવતા હોય છે. હૃદયરોગના હુમલામાં પણ મેં જણાવ્યું હતું તેમ મૃત્યુ થાય જ એવું નથી હોતું. હૃદય થંભી ગયા પછી પણ એ ફરીથી ધબકતું થઈ શકે છે....

આમ આપણે યોગ્ય રીતે કહી શકીએ કે મૃત્યુમાં અનેક પ્રકારના ક્રમવાર તબક્કા હોય છે. જીવનમાં અને મૃત્યુમાં ક્રમવાર તબક્કાઓ હોય છે. અમુક સ્વરૂપો વધુ કે ઓછી માત્રામાં જીવંત હોય છે અને આ જ વાત જો આપણે નકારાત્મક રીતે જણાવીએ તો અમુક સ્વરૂપો વધુ કે ઓછી માત્રામાં મૃત હોય છે. પરંતુ જે લોકો જાણે છે કે આ ભૌતિક સ્વરૂપ અતિમાનસિક પ્રકાશનો આવિર્ભાવ કરી શકે એમ છે, ઓહ ! અને જે લોકોની અંદર આ અતિમાનસિક પ્રકાશ નથી હોતો તેઓ થોડા મૃત પામેલા જ હોય છે. વસ્તુસ્થિતિ આમ છે. તો આમ તબક્કાઓ હોય છે. લોકો જેને રૂઢિગત રીતે મૃત્યુ તરીકે ઓળખે છે, તે માત્ર બાહ્ય ઘટના જ હોય છે....

(The Mother : Conversations with a disciple, June 14, 1967)

*

**પ્રશ્ન :** શારીરિક દૃષ્ટિબિંદુથી જોતાં મૃત્યુ શું છે ?

**ઉત્તર :** સ્થૂળ દેહ બનવામાં આધારરૂપ કોષાણુઓ વિકેન્દ્રિત થઈને ફેલાઈ જાય એ ઘટના તે મૃત્યુ છે. ચેતના, એની સ્વાભાવિક પ્રકૃતિને કારણે અમર છે અને ભૌતિક જગતમાં પોતાનો આવિર્ભાવ કરવા માટે એક ઓછાવત્તા પ્રમાણમાં ટકે તેવાં સ્થૂલ રૂપો તે ધારણ કરે છે. સ્થૂલ પદાર્થ એક એવા રૂપાંતર પ્રત્યે ગતિ કરી રહ્યો છે જેને લઈને તે અનેકરૂપધારી અને વધુને વધુ સંપૂર્ણ રીતનું અને ટકાઉ સ્વરૂપનું, ચેતના શક્તિના આવિર્ભાવનું સાધન બની રહે.

# અમરત્વ

**દેહના મૃત્યુ પછી પણ મનોમય વ્યક્તિતા ટકી રહે તે કાંઈ અમરતા નથી; જો કે એ પણ સાચું છે, પણ ખરી અમરતા તો આ દેહ, જે અજન્મા અને અમર આત્મસ્વરૂપનું કેવળ કરણ અને પડછાયો માત્ર છે તે આત્મસ્વરૂપને જાગ્રતપણે ધારણ કરવામાં રહેલી છે. (૯)**

દરેક મનુષ્યના સ્વરૂપમાં તેનો જે દેહ હોય છે, તેમાં જીવનતત્ત્વનો સંચાર તેનું પ્રાણમય સ્વરૂપ કરે છે અને એની ઉપર ઓછાવત્તા પ્રમાણમાં મનોમય સ્વરૂપનું આધિપત્ય હોય છે. આ એક સામાન્ય નિયમ છે, પરંતુ વ્યક્તિનું મનોમય સ્વરૂપ કેટલા પ્રમાણમાં સુગઠિત થયેલું અને વ્યક્તિત્વવાળું બનેલું છે તેનો માણસે માણસે ફેર પડે છે. મોટા ભાગના મનુષ્યોમાં તો મન કેવળ પ્રવાહી અવસ્થામાં હોય છે અને એથી કરીને એમનામાં કોઈ વ્યક્તિત્વ જેવું હોતું નથી. અને જ્યાં સુધી મનુષ્યનું મન એવું પ્રવાહી અવસ્થાવાળું, અસ્તવ્યસ્ત અને પોતાના સુગ્રથિત તેમજ વ્યક્તિત્વ વિનાના જીવનવાળું હોય છે, ત્યાં સુધી એ ટકી શકતું નથી. એટલે એવા દાખલાઓમાં, જે સ્થૂલ પદાર્થમાંથી તેમના દેહનું ઘડતર થયેલું હોય છે તે જ્યારે ભૌતિક પદાર્થમાં વિલીન થઈ જાય છે ત્યારે તેની સાથે તેમના મનોમય સ્વરૂપનાં તત્ત્વો પણ મનોમય પ્રદેશમાં વિલીન થઈ જાય છે.

પરંતુ આ મનોમય સ્વરૂપ સુગઠિત અને સુવ્યવસ્થિત બને છે, જ્યારે તે એક પુરુષરૂપધારી વ્યક્તિસ્વરૂપ ધારણ કરે છે. ત્યારે પછી એને પોતાના અસ્તિત્વ માટે કોઈ સ્થૂલ દેહ ઉપર આધાર રાખવાનો હોતો નથી અને એટલે પછી જ્યારે સ્થૂલ દેહ વિલીન થઈ ગયો હોય છે ત્યારે પણ એ ટકી રહે છે. દેહનો નાશ થયા પછી પણ સ્વતંત્રપણે જીવન ધારણ કરતાં હોય એવાં અનેક વ્યક્તિસ્વરૂપોથી આ પૃથ્વીનું મનોમય વાતાવરણ ભરેલું રહે છે. જ્યારે કોઈ આત્મા, એટલે કે સત્ સ્વરૂપ, ફરીથી દેહ ધારણ કરે છે ત્યારે તેવા દેહમાં પેલું મનોમય સ્વરૂપ ફરીથી જન્મ લઈ શકે છે; કારણ કે આત્મસ્વરૂપ તો અગાઉના જન્મોની સ્મૃતિ લઈને જ આવે છે.

પરંતુ આને કાંઈ શ્રી અરવિન્દ જેને અમરત્વ કહે છે તે ન કહેવાય. અમરત્વ એવા જીવનને કહેવાય કે જેને આદિ કે અંત ન હોય, જે જન્મ્યું ન હોય તેમજ મરતું ન હોય અને દેહભાવથી તદ્દન સ્વતંત્ર હોય. એવું જીવન તો આત્મસ્વરૂપમાં, દરેક વ્યક્તિના સત્ય સ્વરૂપમાં રહેલું હોય છે અને એ સ્વરૂપ, વિરાટ આત્મસ્વરૂપથી ભિન્ન હોતું નથી.

અને આ સત્ય સ્વરૂપમાં પોતાની વિરાટ આત્મસ્વરૂપ સાથેની એકતા હોવાનું ભાન રહેલું હોય છે. ખરું જોતાં તો, એ સત્યસ્વરૂપ, વિરાટ સ્વરૂપનો પુરુષધારી વ્યક્તિતાવાળો, આવિર્ભાવ માત્ર હોય છે; એને કોઈ આદિ કે અંત હોતો નથી, જીવન કે મૃત્યુ હોતાં નથી, એ શાશ્વતપણે અસ્તિત્વમાં હોય છે અને માટે જ અમર હોય છે. જ્યારે આપણે આ આત્મસ્વરૂપ વિશે સભાન બનીએ છીએ ત્યારે આપણે શાશ્વત જીવનમાં ભાગ લેતાં થઈએ છીએ અને માટે જ આપણે અમર થઈએ છીએ.

પરંતુ સામાન્ય રીતે, આ ''અમરત્વ'' શબ્દને સમજવામાં કાંઈક ગોટાળો કરવામાં આવે છે. આમ બનવું એ કોઈ નવી વાત નથી, આવું તો ઘણી વાર બને છે; જ્યારે કોઈ માણસ અમરતાની વાત કરે છે ત્યારે ઘણાખરા લોકો એમ સમજે છે કે આ તો સ્થૂલ શરીરને અનિશ્ચિત સમય સુધી ટકાવી રાખવાની વાત છે.

સૌ પ્રથમ તો, જ્યાં સુધી સ્થૂલ દેહ અમૃતમય આત્મસ્વરૂપ વિશે પૂર્ણપણે સભાન બનીને તેની સાથે સંપૂર્ણ એકતા સિદ્ધ ન કરી લે ત્યાં સુધી એ અનંતકાળ સુધી ટકી શકે નહિ. અને આ એકતા એટલા બધા પ્રમાણમાં સિદ્ધ કરવાની હોય છે કે જેને લઈને આત્મસ્વરૂપમાં વૈશ્વિક ગતિને અનુસરી શકાય તેવી, સતત રીતે પરિવર્તન પામતા રહેવાની ક્ષમતા અને શક્તિ છે તેવી શક્તિ દેહમાં પણ આવી ગઈ હોય - શાશ્વતપણે ટકી રહેવા માટેની આ એક અનિવાર્ય શરત છે. શરીર જડ છે, એ વિરાટ ગતિ સાથે તાલ મિલાવી શકતું નથી, વૈશ્વિક ઉત્ક્રાન્તિ સાથે, સતતપણે એકતા જાળવી રાખવા જેટલી પૂરતી ઝડપે એ પોતાની અંદર પરિવર્તન કરી શકતું નથી–અને માટે જ એનું વિઘટન અને મૃત્યુ થાય છે. દેહ જડ છે, કઠણ છે, એનામાં પરિવર્તન પામતા રહેવાની શક્તિ નથી હોતી. એટલે એને વિનાશ પામવું પડે છે. અને પોતામાં રહેલા પદાર્થને, સામાન્ય ભૌતિક પ્રકૃતિમાં રહેલા પદાર્થ સંગ્રહમાં પાછો સોંપવો પડે છે કે જેથી કરીને એ પોતે નવાં રૂપોમાં પોતાનું સર્જન કરી શકે અને એ રીતે એ પોતે પ્રગતિ કરી શકે. પરંતુ સામાન્ય રીતે, જ્યારે લોકો અમરતાની વાત કરે છે ત્યારે દૈહિક અમરતાની વાત કરતા હોય છે; એ વસ્તુ સારી પેઠે જાણીતી છે કે એવી કોઈ વસ્તુ હજી સુધી સિદ્ધ કરવામાં આવી નથી.

શ્રી અરવિન્દ કહે છે કે આમ થવું શક્ય છે. એ બની પણ આવશે, પરંતુ એમ થઈ શકે તે માટે તેઓ એક શરત મૂકે છે. એ શરત એ છે કે શરીરને અતિમાનસ બનાવવું જોઈએ અને એનામાં અતિમાનસ સ્વરૂપમાં જે નમનીયતા અને સતત પરિવર્તનશીલતાના ગુણો હોય છે તેવા ગુણો પણ આવવા જોઈએ. અને જ્યારે શ્રી અરવિન્દ લખે છે કે શરીર તો એક 'કરણ અને છાયા માત્ર છે' ત્યારે તેઓ, અત્યારે જે પ્રકારના સ્થૂલ દેહ છે અને કદાચ લાંબા સમય સુધી જે આવા જ રહેવાના છે તેમની વાત કરે છે. આ સ્થૂલ શરીર તો

આત્માનું એક સાધન છે, એના સ્વરૂપનો એક અતિશય અપૂર્ણ આવિર્ભાવ છે, એક છાયા છે – અને છાયા એટલે શાશ્વત આત્મ-સ્વરૂપના પ્રકાશ અને સ્પષ્ટતાની સરખામણીમાં કોઈ અસ્પષ્ટ અને તમોગ્રસ્ત વસ્તુ.

હવે આ છાયા કહો કે સાધન કહો, તે આત્માના વિકાસમાં કેવી રીતે સહાયભૂત થઈ શકે અને આ કરણને કેળવીને ભવિષ્યની જીંદગીઓ માટે તે કેવી રીતે મદદકર્તા બની શકે એ એક એવો પ્રશ્ન છે કે જેમાં આપણને ઓછો રસ નથી.

જ્યારે જ્યારે કોઈ જીવ નવું શરીર અંગીકાર કરે છે ત્યારે એ એવા ઇરાદાપૂર્વક આવે છે કે પોતે એક એવો નવો અનુભવ પ્રાપ્ત કરવો કે જેને લઈને પોતાના વિકાસમાં સહાય થાય અને પોતે વધુ પૂર્ણતાને પામી શકે અને આવી રીતે એક પછી એક જિંદગીઓ પસાર કરતાં કરતાં ચૈત્ય સ્વરૂપ પોતે પોતાની જાતનું એક એવું ઘડતર ઘડે છે કે જેને તદ્દન સ્વતંત્ર અને સચેતન વ્યક્તિતા હોય. અને જ્યારે એ પોતાના વિકાસની ચરમ સીમાએ પહોંચે છે ત્યારે, એ પોતાના નવા જન્મનો કેવળ સમય જ નહિ, પણ સ્થળ, લક્ષ્ય અને સિદ્ધ કરવાનું કાર્ય પણ નક્કી કરી શકે છે.

આ આત્મા જ્યારે સ્થૂલ દેહમાં અવતરે છે ત્યારે અનિવાર્યપણે એ તમોગ્રસ્તતા, અજ્ઞાન અને અચેતનામાં ઊતરે છે અને પોતે જે કાર્ય કરવા માટે આવેલો હોય છે તે કરવા માટે ખપમાં લાગે તેવું શરીર બનાવવા માટે, દેહના પદાર્થતત્ત્વમાં એક જરાક જેટલી ચેતના લાવવા માટે પણ ઘણા લાંબા સમય સુધી કાર્ય કરવું પડે છે. જો આપણે એક સતર્ક અને સ્પષ્ટ દૃષ્ટિવાળી પદ્ધતિ અપનાવીને શરીરને કેળવણી આપીએ તો એની સાથે સાથે આત્માને તેના વિકાસ, પ્રગતિ અને જ્ઞાનપ્રાપ્તિની બાબતમાં પણ સહાય કરી શકીએ છીએ.

* * *

**શ્રી માતાજી :** અમૃતત્વનું અમૃત તે પરમ સત્ય છે, પરમ જ્ઞાન છે, પરમાત્મા સાથેનું મિલન છે. એમાંથી અમૃતત્વની સભાનતા પ્રાપ્ત થાય છે.

દરેક ધાર્મિક સંપ્રદાય પોતાની ખાસ રીતે પ્રભુ તરફ ગતિ કરે છે. અને એ બાબતમાં શ્રી અરવિન્દ સંપ્રદાયોને જુદાં જુદાં વાસણો સાથે સરખાવે છે, પરંતુ તેઓ કહે છે : તમે કયો રસ્તો લો છો એ બહુ મહત્ત્વની વાત નથી. તમારું જે લક્ષ્ય છે એ જ મહત્ત્વની વસ્તુ છે. અને તમે ગમે તે રસ્તો લો પણ લક્ષ્ય તો એક જ રહેવાનું છે. અમૃતને ભલે ગમે તે વાસણમાં ભરવામાં આવ્યું હોય પણ એ પોતે તો એક જ રહેવાનું છે.

કેટલાક કહે છે કે પાત્રની જે સુવાસ હોય છે, તમે જે રીતનો માર્ગ લીધો હોય છે તેને લીધે અમૃતના સ્વાદમાં ફેર પડે છે, એટલે કે પ્રભુ સાથેનું તમારું મિલન એ પ્રમાણેનું

ખાસ બને છે. શ્રી અરવિન્દ જવાબ આપે છે : લોકોના માર્ગ જુદા જુદા હોઈ શકે છે અને દરેક વ્યક્તિ પોતાને જે માર્ગ વધુ સારો લાગતો હોય તેમ જ, પોતાની રુચિ પ્રમાણેનો હોય તેવો માર્ગ પસંદ કરે છે. પણ છતાં અમૃત પોતે, પ્રભુ સાથેનું મિલન તો હરેક વખતે પોતાની અમૃતત્વની શક્તિ ટકાવી જ રાખે છે.

હવે આમાં જે એમ કહેવામાં આવે છે કે પ્રભુ સાથે મિલન થવાથી આપણને અમૃતત્વની ચેતના મળે છે એનો અર્થ એ છે કે આપણામાં રહેલી ચેતના પેલી અમર વસ્તુ સાથે જોડાય છે અને તેથી પોતે અમર છે એમ અનુભવે છે. જે પ્રદેશોમાં અમૃતત્વ રહેલું છે તેને વિશે આપણે સભાન બનીએ છીએ. પરંતુ આનો અર્થ એમ નથી થતો કે આ રીતનો અનુભવ થવાથી આપણા શરીરનું તત્ત્વ રૂપાંતર પામે છે અને અમર બને છે. શરીરનું અમૃતત્વ મેળવવા માટે તો આપણે એક બીજી પ્રક્રિયા કરવાની રહે છે. એમાં તમારે પ્રથમ તો આ ચેતના મેળવી લેવાની રહે છે અને પછીથી એ ચેતનાને સ્થૂલ જગતમાં લઈ આવવાની રહે છે. એ ચેતનાને તમારે શારીરિક ચેતનાનું રૂપાંતર કરવા દેવાનું છે, એટલું જ નહિ પણ શરીર રૂપી આ જે પદાર્થ છે તેનું પણ રૂપાંતર કરવા દેવાનું છે. અને આ તો એક ઘણું ભારે કામ છે.

અને છેલ્લી વાત. તમારે વ્યક્તિને થતો સાક્ષાત્કાર અને આખા માનવ સમુદાયનો સાક્ષાત્કાર એ બેની ભેળસેળ કરી દેવાની નથી. આપણને અમૃત મળી આવે છે ત્યારે પછી આપણે તમામ ધાર્મિક સંપ્રદાયોથી ઉપર ચાલ્યાં ગયાં હોઈએ છીએ. આપણે માટે એ સંપ્રદાયનો હવે કોઈ અર્થ કે ઉપયોગ રહેતો નથી. પરંતુ સામાન્ય લોકોને માટે તો, તેઓ સાક્ષાત્કારમાં પહોંચે નહિ ત્યાં સુધી, સંપ્રદાયો એક માર્ગ તરીકે કામના તથા ઉપયોગના રહે છે.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ - ૧૦ પૃ. ૩૦થી ૩૨ અને ૯૧થી ૯૨)

## શ્રી અરવિન્દ સાધના શિબિર નૈનીતાલ

પ્રોફે. ભારતસિંહ ઝાલાની ત્રણ શિબિરો નૈનીતાલમાં રાખવામાં આવી છે. (૧) તા. ૬-૫-૧૮થી ૧૨-૫-૧૮ શિબિર નં. (૨૩) (૨) તા. ૧૩-૫-૧૮ થી ૧૯-૫-૧૮ શિબિર નં. (૨૪) (૩) તા. ૧૩-૫-૧૮ થી ૧૯-૫-૧૮ યુવા શિબિર છે. રહેવા જમવાના ૭૦૦૦/- રૂા. છે. શ્રી અરવિન્દ કેન્દ્રો ગુજરાતની જે દીકરીઓ આવવા માગતી હશે તેના માત્ર રૂા. ૩૦૦૦/- લેવામાં આવશે. આવી દીકરીઓ — ૧૭ થી ૨૫ વર્ષની વચ્ચે-ની બીજા કેમ્પમાં સમાવેશ કરવામાં આવશે. સંપર્ક : **શ્રી ભારતસિંહ ઝાલા** શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, બોટાદ. મોબાઈલ : ૯૪૨૬૬૯૫૧૯૮

# સભ્યો / ગ્રાહકોને સૂચનો

૧. 'પ્રભુ અર્પણ' - સામાન્યતઃ દર મહિનાની પાંચમી તારીખે પ્રસિદ્ધ થાય છે.

૨. અંક ચોકસાઈથી ટપાલ દ્વારા રવાના કરાય છે. છતાં ટપાલમાં ગેરવલ્લે જાય અને અંક તા. ૨૦ સુધીમાં ન મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઓફિસને ફરિયાદ કરી તેની નકલ અત્રે મોકલવી. બને ત્યાં સુધી બીજી નકલ મોકલવામાં આવશે.

૩. સરનામું બદલાયાની સૂચના ૧૫ તારીખ પહેલાં પોતાના સભ્ય/ગ્રાહક નંબર સાથે આપવી.

૪. સંસ્થા સાથે મેગેઝીનને લગતા પત્રવ્યવહારમાં આપનો સભ્ય/ગ્રાહક નંબર આપવો જરૂરી છે.

૫. શ્રી અરવિન્દ સોસાયટીની વાર્ષિક સભ્ય ફી (અ.ભા.૫ માસિક સાથે)

| | | | |
|---|---|---|---|
| ૧ વર્ષ | રૂા. ૧૮૦/- | ૧૦ વર્ષ | રૂા. ૪૦૦૦/-(ડોનર મેમ્બર) |
| ૩ વર્ષ | રૂા. ૫૨૦/- | ૨૦ વર્ષ | રૂા. ૨૫,૦૦૦/- (કોર્પોરેટ મેમ્બર) |
| ૫ વર્ષ | રૂા. ૮૬૦/- | | |

૬. ભારતમાં 'પ્રભુ અર્પણ'નું ફક્ત ગ્રાહક (સભ્યપદ વગર) તરીકેનું વાર્ષિક લવાજમ રૂા. ૧૮૦/- છે.

૭. ગમે તે માસથી સભ્ય/ગ્રાહક થઈ શકાય છે. એક વર્ષથી ઓછી મુદત માટે સભ્ય/ગ્રાહક નોંધવામાં આવતા નથી.

૮. નવા સભ્ય/ગ્રાહકે લવાજમ મોકલતી વખતે ''નવા સભ્ય/ગ્રાહક છે,'' એમ લખવું.

૯. નવા અથવા જૂના સભ્યો/ગ્રાહકો પોતાનું લવાજમ પોતાના સભ્ય/ગ્રાહક નંબર સાથે રૂબરૂમાં અથવા મની ઓર્ડરથી અથવા બેન્ક ડ્રાફટથી ''શ્રી અરવિન્દ સોસાયટી'' ના નામથી ભરી શકે છે. જો ચેકથી લવાજમ ભરવાનું હોય તો વાર્ષિક લવાજમ ઉપરાંત વધારાની રકમ રૂા. ૨૫/- ઉમેરી ચેક લખવો.

૧૦. લવાજમ વસુલ કરવા માટે અંક વી.પી. થી મોકલાતો નથી.

૧૧. વ્યવસ્થા અંગેનો સર્વ પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક, 'પ્રભુ અર્પણ'-રવાનગી વિભાગ, શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા શાખાના નામથી કરવો.

૧૨. જે સભ્યોનું લવાજમ પૂરું થઈ ગયું હોય તેઓએ પોતાનું લવાજમ તુર્ત મોકલી આપવું. જે કવરમાં આપને 'પ્રભુ અર્પણ' મળે છે તેની ઉપર, આપના સભ્યપદ નંબર પછી ૧, ૪, ૭, વિ. અંક દર્શાવેલા હોય છે, તે કયા માસમાં આપનું લવાજમ પૂરું થાય છે તે દર્શાવે છે. લવાજમ પૂરું થયાની સૂચના વ્યક્તિગત રીતે આપવામાં આવતી નથી.

એક સમય એવો હતો, અને આ બહુ લાંબા વખતની વાત નથી, કે જ્યારે માણસની આધ્યાત્મિક અભીપ્સા એક નીરવ નિષ્ક્રિય શાંતિમાં પહોંચવા માટેની રહેતી હતી. જગતના સર્વ પદાર્થોથી અલગ થઈ જવું, જીવનમાંથી બહાર ચાલ્યા જવું, આ સંગ્રામમાંથી બચી જવું, એ સંગ્રામથી ઉપર ચાલ્યા જવું, જીવનના પુરુષાર્થમાંથી છૂટી જવું અને એક આધ્યાત્મિક શાંતિમાં બેસી જવું એ માણસની ઊંડી આધ્યાત્મિક અભીપ્સા રહેતી હતી, એમાં પછી જીવનની કોઈ ખેંચતાણ, સંઘર્ષ કે માથાકૂટ રહેતી નહિ અને એ બધું ચાલી જતાં પછી કોઈ રીતનું દુઃખ પણ રહેતું નહિ અને આ સ્થિતિને જ આધ્યાત્મિક જીવનનું તેમ જ દિવ્ય જીવનનું સાચું સ્વરૂપ, એકમાત્ર સ્વરૂપ ગણવામાં આવતું હતું. આ વસ્તુને જ પ્રભુની દિવ્ય કૃપા, દિવ્ય સહાય કહેવામાં આવતી હતી. અને અત્યારે પણ આજના આ વેદના અને પરમ સંઘર્ષના યુગમાં પણ, બીજી કોઈ રીતની મદદ કરતાં આ પરમ શાંતિને જ લોકો વધુમાં વધુ સ્વીકારી રહ્યા છે, સત્કારી રહ્યા છે. માણસો આ જ રીતની રાહત માગે છે, એને માટે જ આશા સેવે છે. અને ઘણા લોકો તો એમ જ માને છે કે પ્રભુની કૃપા સાચી રીતે તો આ પ્રમાણે જ ઊતરે છે.

બેશક, તમારે ગમે તે વસ્તુ સિદ્ધ કરવી હશે તોપણ તે માટે શરૂઆતમાં તો તમારે આ રીતની સંપૂર્ણ અને અવિચલ શાંતિ તમારામાં સ્થાપિત કરી લેવાની રહે છે જ. એના પાયા ઉપર જ તમારે બધું ચણતર કરવાનું રહે છે. પરંતુ તમે આટલેથી જ અટકી જઈ શકતા નથી. હા, તમારે જો એકલી તમારી પોતાની મુક્તિ, તમારો આગવો અહંકારપ્રધાન મોક્ષ જોઈતો હશે તો તમે અહીં અટકી જઈ શકો છો.

પરંતુ પ્રભુની દિવ્ય કૃપાનું એક બીજું સ્વરૂપ પણ છે. એ છે પ્રગતિનું સ્વરૂપ. આ સ્વરૂપ સર્વ વિઘ્નો ઉપર વિજય મેળવવા માટે સક્રિય બનેલું છે. માનવજાતિને તે એક નવા સાક્ષાત્કારમાં મૂકી આપશે, તેની સમક્ષ એક નવી દુનિયાના દરવાજા ખોલી આપશે. અને આ દિવ્ય સાક્ષાત્કારનો લાભ માત્ર અમુક પસંદ કરેલા માણસોને જ મળશે એમ નથી. એ પુરુષોનો પ્રભાવ અને દૃષ્ટાન્ત તથા શક્તિ બાકીની માનવજાતિને પણ એક વધુ સારી સ્થિતિમાં લઈ જશે.

શ્રી માતાજી

(વર્ષ ૦૩ : અંક ૧૨)
RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/2015-2017
વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

**Published and Printed by Shri Sharadchandra M. Joshi,**
**on behalf of Sri Aurobindo Society, Vadodara**
**Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.**
**Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.**
**Editor : Shri Kiritkumar Indravadan Thakkar.**